“ બુધવારની સાપ્તાહિક પૂર્તિ ”

ઉત્સવ

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 35 । AD - 2026, Aso Vad-10 । Wednesday, Dt. 04-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

પુણેને મળી મેટ્રોની ભેટ : માન-હિંજેવાડીથી શિવાજીનગર સુધી ૨૩.૨૦૩ કિમી લાંબી ‘પિંક લાઇન’નું ઉદ્ઘાટન

જૂની સરકાર હોત તો દાયકાઓ સુધી રાહ જોવી પડત : મોદી

નવી દિલ્હી, તા.૦૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી પુણે મેટ્રોની મહત્વપૂર્ણ લાઇન-૩નું ઉદ્ઘાટન કર્યું હતું. માન-હિંજેવાડીથી શિવાજીનગર સુધીની આ મેટ્રો લાઇન પુણેના આઇટી હબ, વાણિજ્યિક વિસ્તારો અને વહીવટી કેન્દ્રો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવશે. આ મેટ્રો સેવા ૪ નવેમ્બરના રોજ સવારે ૯ વાગ્યાથી મુસાફરો માટે શરૂ થશે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, જો દેશમાં જૂની સરકાર અને જૂની કાર્યશૈલી ચાલુ રહી હોત તો પુણેમાં મેટ્રો પહોંચતાં હજુ દાયકાઓ સુધી રાહ જોવી પડી હોત. વડાપ્રધાને જણાવ્યું હતું કે ૨૦૧૪માં એનડીએ સરકાર સત્તામાં આવી ત્યારે મધ્યમ વર્ગના જીવનને સરળ બનાવવા અને શહેરોમાં પરિવહન સુવિધા સુધારવાનો સંકલ્પ કર્યો હતો. અગાઉના ૩૦ વર્ષમાં દેશમાં માત્ર ૨૪૮ કિલોમીટર મેટ્રો લાઇનનું નિર્માણ થયું હતું અને પાંચ શહેરોમાં જ મેટ્રો સેવા ઉપલબ્ધ હતી. જ્યારે આજે દેશનું મેટ્રો નેટવર્ક વધીને ૧,૪૦૦ કિલોમીટરથી વધુ થયું છે અને ૨૯ શહેરોમાં મેટ્રો દોડી રહી છે. દરરોજ એક કરોડથી વધુ લોકો મેટ્રોનો ઉપયોગ કરી રહ્યા છે. ભારતનું મેટ્રો નેટવર્ક વિશ્વનાં ટોચનાં ત્રણ નેટવર્કમાં સ્થાન ધરાવે છે. મોદીએ વધુમાં જણાવ્યું હતું કે શહેરો માત્ર રહેવાનાં સ્થળો નથી, પરંતુ દેશની આર્થિક પ્રવૃત્તિઓનાં મુખ્ય કેન્દ્રો છે. પુણે આઈટી, ઓટોમોબાઇલ, ફાર્મા, સ્ટાર્ટઅપ અને ઉત્પાદન ક્ષેત્રે દેશના યુવાનો



માટે નવી તકો ઊભી કરી રહ્યું છે. મજબૂત મેટ્રો કનેક્ટિવિટી શહેરના વિકાસને નવી ગતિ આપશે. શહેરોને વિકાસનાં કેન્દ્રો બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અર્બન ચેલેન્જ ફંડને મંજૂરી આપવામાં આવી છે, જેમાં રૂ. એક લાખ કરોડનું ભંડોળ ફાળવવામાં આવી રહ્યું છે. પુણે મેટ્રોની લાઇન-૩ને ‘પુણેરી મેટ્રો’ અને ‘પિંક લાઇન’ તરીકે પણ ઓળખવામાં આવે છે. ૨૩.૨૦૩ કિલોમીટર લાંબો આ સંપૂર્ણ એલિવેટેડ કોરિડોર રૂ. ૮,૩૧૩ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં કુલ ૨૩ સ્ટેશન બનાવવામાં આવ્યાં છે, જેમાંથી શરૂઆતમાં ૧૭ સ્ટેશન મુસાફરો માટે ખુલ્લાં રહેશે. આ પ્રોજેક્ટ જાહેર-ખાનગી ભાગીદારીના મોડેલ હેઠળ વિકસાવવામાં આવ્યો છે. આ મેટ્રો લાઇન ખાસ કરીને હિંજેવાડીના રાજીવ ગાંધી ઇન્ફોટેક પાર્કમાં કામ કરતા હજારો કર્મચારીઓ માટે પરિવહન સરળ બનાવશે. મેટ્રો સ્ટેશનોને બસ અને અન્ય પરિવહન સેવાઓ સાથે જોડવા માટે મલ્ટિમોડલ કનેક્ટિવિટી વિકસાવવામાં આવી રહી છે. સાથે જ સાયકલ ટ્રેક, પહોળા ફૂટપાથ, રાહદારી ક્રોસિંગ અને ફૂટ ઓવરબ્રિજ જેવી સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે પુણે મેટ્રો પોતાની જરૂરિયાતની ૩૦ ટકા વીજળી ઉત્પાદન કરશે, જેના કારણે તે ગ્રીન મેટ્રો તરીકે પણ ઓળખાશે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ પુણે મેટ્રોના બીજા તબક્કા સહિત અન્ય વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ નવી મેટ્રો સેવા પુણેના ટ્રાફિકનું ભારણ ઘટાડવાની સાથે શહેરી વિકાસને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

‘કોઈપણ સ્થળે અનિશ્ચિત સમય સુધી કબજો કરી શકાય નહીં’ : વિરોધ પ્રદર્શન મુદ્દે સુપ્રીમ કોર્ટની ટકોર

નવી દિલ્હી, તા.૦૩

દિલ્હીના રામલીલા મેદાનમાં મુખ્ય ચૂંટણી કમિશનર વિરુધ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનના મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર સહિત સંબંધિત પક્ષો પાસેથી જવાબ માંગ્યો છે. તહેવારોની મોસમ દરમિયાન વિરોધ પ્રદર્શન બંધ કરાવવાની માંગ સાથે વેપારી સંગઠનોએ અરજી કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ટકોર કરતાં જણાવ્યું હતું કે કોઈપણ જાહેર સ્થળ પર અનિશ્ચિત સમય સુધી કબજો કરી શકાય નહીં. દરેકને વિરોધ કરવાનો અધિકાર




છે, પરંતુ તેના માટે નિશ્ચિત સ્થળ, સમય અને સમયગાળો હોવો જોઈએ.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી અને ન્યાયમૂર્તિ જયમલ્યા બાગચી તથા વી. મોહનાની બનેલી બેન્ચે મંગળવારે અરજીઓની સુનાવણી કરી હતી. દિલ્હી કિરાણા સમિતિએ રજૂઆત કરી હતી કે વિરોધ પ્રદર્શનને કારણે વેપાર-ધંધાને ભારે અસર થઈ રહી છે. વેપારીઓના વકીલ મુકુલ રોહતગીએ જણાવ્યું હતું કે વિરોધ સ્થળની આસપાસના વિસ્તારમાં આશરે ૫૦ લાખ લોકો રહે છે અને દુકાનો બંધ રહેતાં વેપારીઓને નુકસાન થઈ રહ્યું છે. કનોટ પ્લેસમાં પણ વેપાર ઠપ થયો હોવાનો દાવો કરાયો હતો. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે વકીલોને શિસ્તબધ્ધ રીતે દલીલો રજૂ કરવા ટકોર કરી હતી. બેન્ચે વેપારી સંગઠનોને વિરોધ પ્રદર્શનનું આયોજન કરતી સંસ્થાઓને પણ કેસમાં પક્ષકાર બનાવવા સૂચના આપી હતી. તમામ સંબંધિત સંગઠનોને પક્ષકાર બનાવ્યા વિના આ મુદ્દે નિર્ણય લઈ શકાય નહીં તેમ કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું.

ઓમાનમાં ભારતીય ધ્વજવાળા જહાજ પર હુમલાની ભારતે કરી આકરી નિંદા

નવી દિલ્હી, તા.૦૩

ઓમાનના દરિયાકાંઠે ભારતીય ધ્વજવાળા વાણિજ્યિક જહાજ પર થયેલા હુમલાની ભારત સરકારે આકરી નિંદા કરી છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે વાણિજ્યિક જહાજોને નિશાન બનાવવાના આવા હુમલા અત્યંત ચિંતાજનક છે અને તાત્કાલિક બંધ થવા જોઈએ. ઓમાનના લિમાહ નજીક ‘MSV અલ જુસુફી’ નામના જહાજ પર આ હુમલો થયો હતો. હુમલા સમયે જહાજમાં ૧૪ ભારતીય નાગરિકો સવાર હતા, જેમાંથી ૧૩ને સુરક્ષિત



બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે એક ભારતીય નાગરિકનું ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું. ભારતના વિદેશ મંત્રાલયે આ ઘટનામાં જીવ ગુમાવનાર ભારતીય નાગરિક પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ ઈજાગ્રસ્તો અને બચાવાયેલા નાગરિકોને જરૂરી સહાય પૂરી પાડવા માટે ઓમાનમાં ભારતીય દૂતાવાસ સક્રિય હોવાનું જણાવ્યું છે. મૃતકના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવા તેમજ બચાવાયેલા નાગરિકોને સ્વદેશ પરત મોકલવા માટે ઓમાની સત્તાવાળાઓ સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં વાણિજ્યિક જહાજો અને નાગરિક માળખાંને નિશાન બનાવવાની ઘટનાઓ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. ભારતે જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર વેપારી જહાજોની સુરક્ષા જાળવવી અત્યંત જરૂરી છે. આવા હુમલાઓથી નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે અને વૈશ્વિક વેપાર પર પણ ગંભીર અસર પડે છે.

દિવાળી પહેલા કાશ્મીરી પંડિતોને કેન્દ્ર સરકારે ફ્લેટ ફાળવ્યા

શ્રીનગર, તા.૦૩

કાશ્મીર ખીણમાં રહેતા અને ફરજ બજાવતા કાશ્મીરી પંડિત કર્મચારીઓને દિવાળી પહેલા કેન્દ્ર સરકાર તરફથી મોટી ભેટ મળી છે. પીએમ પેકેજ હેઠળ શ્રીનગરના ઝેવાન વિસ્તારમાં તૈયાર કરાયેલા ૯૩૬ ટ્રાન્ઝિટ ફ્લેટની ચાવીઓ કર્મચારીઓને સોંપવામાં આવી છે. ૩૯ બ્લોકમાં બનેલા આ ફ્લેટ ઉપરાંત કુલગામ, કુપવાડા, બડગામ અને બાગ વિસ્તારમાં ૬૯ બ્લોકમાં તૈયાર કરાયેલા ૪૮૦ ફ્લેટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ



આ આવાસ યોજનાનું ઉદ્ઘાટન કર્યું હતું. કાશ્મીર ખીણમાં આશરે ૬,૦૦૦ પીએમ પેકેજ કર્મચારીઓ વિવિધ વિભાગોમાં ફરજ બજાવે છે. અગાઉ ઘણા કર્મચારીઓ ભાડાનાં મકાનોમાં રહેતા હતા અને એક જ સ્થળે સુરક્ષિત આવાસની માંગ કરી રહ્યા હતા. ખાસ કરીને ટાર્ગેટ કિલિંગની ઘટનાઓ બાદ આ માંગ વધુ પ્રબળ બની હતી. નવા ફ્લેટમાં બે રૂમ, રસોડું, બાથરૂમ અને બાલ્કનીની સુવિધા છે. દરેક બ્લોકમાં લિફ્ટ પણ ઉપલબ્ધ છે. આ સમગ્ર યોજનામાં કાશ્મીરના ૧૦ જિલ્લાનાં ૨૦ સ્થળોએ ૩૪૨ બ્લોકમાં કુલ ૬,૦૦૦ ફ્લેટ બનાવવાનું આયોજન છે. જેમાં ૫,૨૦૦થી વધુ ફ્લેટનું બાંધકામ પૂર્ણ થયું છે અને ૩,૮૦૦થી વધુ ફ્લેટની ફાળવણી થઈ ચૂકી છે. આ પહેલથી કર્મચારીઓને સુરક્ષા, સુવિધા અને આત્મવિશ્વાસ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નવીન પટનાયકને ગુમ જાહેર કરતાં પોસ્ટરો લાગતાં ઓડિશાના રાજકારણમાં ગરમાવો

ભુવનેશ્વર, તા.૦૩

ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભામાં વિપક્ષના નેતા નવીન પટનાયકને ગુમ જાહેર કરતાં પોસ્ટરો ગંજામ જિલ્લાના હિંજલી મતવિસ્તારમાં લગાવવામાં આવતાં રાજકીય ગરમાવો ફેલાયો છે. હિંજલી નવીન પટનાયકનો મતવિસ્તાર હોવાથી ચકવાત અને પૂરની પરિસ્થિતિ વચ્ચે તેમની ગેરહાજરી અંગે સવાલો ઊઠી રહ્યા છે. પોસ્ટરોમાં તેમને ગુમ



જાહેર કરવામાં આવ્યા છે, જોકે આ પોસ્ટરો કોણે લગાવ્યા અને તેની પાછળ કોનો હાથ છે તે હજુ સ્પષ્ટ થયું નથી. કોઈ વ્યક્તિ કે સંગઠને જવાબદારી સ્વીકારી નથી. આ મુદ્દે શાસક ભાજપ નવીન પટનાયકની હાજરી સામે સવાલો ઉઠાવી રહી છે, જ્યારે બીજેડી પોતાના નેતાના બચાવમાં ઉતરી છે. પક્ષના નેતાઓ રાહત કામગીરી અને વહીવટી તંત્ર સાથેના સંકલનનો હવાલો આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ઓડિશામાં આવેલા ભયાનક પૂરને કારણે રાજ્યના આશરે ૧૩ લાખ લોકો પ્રભાવિત થયા હતા. આ પોસ્ટરોને પગલે રાહત કામગીરી અને રાજકીય જવાબદારીનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.



રાજુલાના પટવા દરિયાકાંઠે ત્રણ સિંહોની લડાઈમાં એક સિંહનું મોત

અમરેલી,તા.૦૩

રાજુલા તાલુકાના પટવા ગામના દરિયાકાંઠે ત્રણ સિંહો વચ્ચે લડાઈ થયાની ઘટના સામે આવતાં વન્યજીવપ્રેમીઓમાં ચિંતા પ્રસરી હતી. આ દરમિયાન ત્રણ સિંહો વચ્ચે થયેલી લડાઈમાં એક સિંહ દરિયામાં પડી જતાં ડૂબી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ વનવિભાગ દ્વારા સિંહની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

ઘટનાના એક દિવસ બાદ પટવા ગામના દરિયાકાંઠાથી આશરે ત્રણ કિલોમીટર દૂર પીપાવાવ પોર્ટની જેટી પાસેથી દરિયાના પાણીમાં એશિયાટિક સિંહનો મૃતદેહ



મળી આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, દરિયામાં ડૂબી જવાથી સિંહનું મોત થયું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.સિંહનો મૃતદેહ મળી આવ્યાની જાણ થતાં રાજુલા રેન્જના આર.એફ.ઓ. ડી.કે. મકવાણા સહિત વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વનવિભાગની ટીમે મૃતદેહનો કબજો મેળવી જરૂરી તપાસ શરૂ કરી હતી. સિંહના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરિયાકાંઠે ત્રણ સિંહો વચ્ચેની લડાઈ અને ત્યારબાદ એક સિંહનો મૃતદેહ મળી આવવાની ઘટનાને પગલે વનવિભાગ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમના અહેવાલ બાદ સિંહના મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

દરિયામાં ડૂબી ગયેલા સિંહનો એક દિવસ બાદ પીપાવાવ પોર્ટની જેટી પાસેથી મૃતદેહ મળી આવ્યો; વનવિભાગે પોસ્ટમોર્ટમ કરાવી તપાસ હાથ ધરી

ધારી-ભાવનગર બસના ચાલક સામે કાર્યવાહી

દારૂ પીને બસ ચલાવનાર ડ્રાઈવરનું માત્ર ૧૦ દિવસનું સસ્પેન્શન !!!

બગસરા,તા.૦૩

મુસાફરોની સલામતી જોખમમાં મૂકીને દારૂના નશામાં એસ.ટી. બસ ચલાવનાર ધારી ડેપોના ડ્રાઈવર સામે અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, ગંભીર બેદરકારી દાખવનાર ડ્રાઈવરને માત્ર ૧૦ દિવસ માટે ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવતાં એસ. ટી. વિભાગની કાર્યવાહી સામે સવાલો ઉઠયા છે. પ્રાપ્ત વિગતો મુજબ, ધારી-ભાવનગર બસના ડ્રાઈવર કલ્પેશ તનસુખરાય ત્રિવેદી સોમવારે દારૂના નશામાં બસ ચલાવતા હોવાનું ફરજ પરનાં મહિલા કંડક્ટરના ધ્યાનમાં આવ્યું હતું. તેમણે તાત્કાલિક એસ.ટી. અધિકારીઓને જાણ કરી હતી. અમરેલીના એટીઆઈ દ્વારા શ્વાસ પરીક્ષણ યંત્રથી તપાસ કરતાં ડ્રાઈવરે દારૂ પીધો હોવાનું સામે આવ્યું હતું. આથી ૧૧૨ પોલીસને બોલાવી ડ્રાઈવરને સોંપવામાં આવ્યો હતો. આ ઘટના બાદ વિભાગીય નિયામક ભાવેશ પટેલે ડ્રાઈવરને સસ્પેન્ડ કરી તેની કોડીનાર બદલી કરી હતી. જોકે, મુસાફરોના જીવ સાથે ચેડાં કરનાર ડ્રાઈવરને માત્ર ૧૦ દિવસનું સસ્પેન્શન આપવામાં આવતાં મુસાફરોમાં નારાજગી જોવા મળી રહી છે.અત્રે ઉલ્લેખનીય છે કે એસ.ટી. બસના અમુક ડ્રાઈવરો દારૂ પીને બસ ચલાવતા હોવાની ફરિયાદો વારંવાર ઊઠતી રહે છે. મુસાફરોની સુરક્ષા સાથે જોડાયેલા આવા ગંભીર મામલામાં કડક કાર્યવાહી થાય તેવી લોકમાંગ ઊઠી છે.

મુસાફરોનો જીવ જોખમમાં મૂકનાર કર્મચારીને ટૂંકી સજા આપતાં એસ.ટી. વિભાગની કામગીરી સામે સવાલો

મોટા ભંડારિયાના ૬૫ વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવી

અમરેલી તા.૦૩

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના માર્ગદર્શન હેઠળ અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે મોટા ભંડારિયાની કોલેજ ઓફ એગ્રીકલ્ચરના સાતમા સેમેસ્ટરના ૬૫થી વધુ વિદ્યાર્થીઓએ રૂરલ એગ્રીકલ્ચરલ વર્ક એક્સપિરિયન્સ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આચાર્ય ડૉ. એસ.પી. દેશમુખના નેતૃત્વમાં યોજાયેલી મુલાકાતમાં ખેતી



અધિકારી એચ. વી. વળીયાએ બીજામૃત , જીવામૃત , મલ્ચિંગ, વાફસા અને મિશ્ર પાક પધ્ધતિની સમજ આપી હતી. ખેતી મદદનીશ એસ.એ. બારડે દેશી ગાય આધારિત ખેતી અને તેના સ્વાસ્થ્યલક્ષી ફાયદા સમજાવ્યા હતા. વિદ્યાર્થીઓએ મિશ્ર પાક તથા સૌરાષ્ટ્રમાં નવીન ગણાતી ડાંગરની ખેતીના નિદર્શન પ્લોટની મુલાકાત લઈ ખેતીની વિવિધ પધ્ધતિઓનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની હતી.

લીલીયા મોટામાં ગૌસેવા માટે ફટાકડાના સ્ટોલનો પ્રારંભ

લીલીયા,તા.૦૩

લીલીયા મોટામાં લાઠી રોડ પર આવેલી ગોપાલ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગૌસેવાના ઉમદા હેતુથી ફટાકડાના સ્ટોલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સાવરકુંડલાના માનવમંદિરના મહંત ભક્તિરામ બાપુના હસ્તે રિબન કાપીને સ્ટોલનું ઉદ્ઘાટન કરાયું હતું. ટ્રસ્ટના યુવાનોએ



આ આયોજનમાં જહેમત ઉઠાવી છે. સ્ટોલના વેચાણમાંથી મળતી સમગ્ર આવક ગૌશાળાની બીમાર ગાયોની સારવાર, દવાઓ અને ઘાસચારા પાછળ ખર્ચવામાં આવશે. દિવાળીના પર્વને ગૌસેવા સાથે જોડતી આ પહેલને સરાહના મળી રહી છે.

દિવાળી પહેલાં રાજુલા શહેરમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ કરાઈ

રાજુલા,તા.૦૩

દિવાળી અને નૂતન વર્ષના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજુલા પોલીસે શહેરમાં ફ્લેગ માર્ચ યોજી હતી. પી. આઈ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે પોલીસ સ્ટેશનથી હવેલી ચોક સહિતના મુખ્ય માર્ગો પર પેટ્રોલિંગ કર્યું હતું. તહેવારો દરમિયાન શાંતિ અને સુરક્ષા જળવાય તે માટે



બંદોબસ્ત ગોઠવાયો છે. ટ્રાફિકનું ભારણ ઘટાડવા અમરેલી અને રાજકોટ તરફથી આવતી એસ. ટી. બસોને શહેરના બદલે બાયપાસ પરથી દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

રાજુલાની પરિણીતાને પતિએ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો

રાજુલા, તા.૦૩

રાજુલાની પરિણીતાને દમણ,નાની દમણ ખારીવાડમાં પતિએ ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. સાસુ-સસરા, જેઠે જાનથી મારવાની ધમકી આપી હતી. જુવેરીયાબેન સરફરાજભાઈ અજમેરી (ઉ.વ.૨૪)એ પતિ આરીફભાઈ યુસુફભાઈ અજમેરી, સસરા યુસુફભાઈ રહેમાનભાઈ અજમેરી, સાસુ યાસ્મીનબેન યુસુફભાઈ અજમેરી અને જેઠ આસીફભાઈ યુસુફભાઈ અજમેરી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિ, સસરા, સાસુ તથા જેઠે તેમને લગ્ન જીવન દરમિયાન અવાર નવાર મેણા ટોણા મારી,ગાળો આપી શારિરીક અને માનસીક દુ ખ ત્રાસ આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પતિએ શરીરે ઢીકા પાટુ લાત વડે મુંઢમાર મારી મુંઢ ઈજા કરી હતી.

નાના માચિયાળા સરકારી શાળા રોલ પ્લે અને ફોક ડાન્સમાં જિલ્લા કક્ષાએ પ્રથમ

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની નેશનલ રોલ પ્લે અને ફોક ડાન્સ સ્પર્ધામાં નાના માચિયાળાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાએ બંને વિભાગમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી આ સિદ્ધિ મેળવી હતી. આ સફળતામાં માર્ગદર્શક અંકિતાબેન, ટીમ મેનેજર દક્ષાબેન, શિક્ષક સ્ટાફ અને વિદ્યાર્થીઓની મહેનતનું મહત્વનું યોગદાન રહ્યું હતું. જિલ્લા શિક્ષણ વિભાગે શાળાના



આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. હવે શાળાની ટીમ ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ચલાલામાં સરદાર પટેલની જન્મજયંતીએ એકતા યાત્રા યોજાઈ, સ્વદેશી મેળો ખુલ્લો મુકાયો

ચલાલા, તા.૦૩

ચલાલામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે નગરપાલિકા દ્વારા ભવ્ય એકતા યાત્રા અને સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જે.વી. કાકડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ



સમાજના આગેવાનો, સંતો-મહંતો અને નગરજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પટેલ વાડી ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી એકતા યાત્રાનો પ્રારંભ કરાયો હતો. ત્યારબાદ કન્યા શાળાના મેદાનમાં સ્વદેશી મેળો ખુલ્લો મુકાયો હતો. મેળામાં સ્થાનિક વેપારીઓના અંદાજે ૨૦ સ્ટોલ ઉભા કરાયા હતા. બાળકો માટે ક્રીડાંગણની વ્યવસ્થા પણ કરાઈ હતી. કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરાયું હતું.

અમરેલી જિલ્લા માહિતી કચેરીમાં સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી

અમરેલી,તા.૦૩

ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે જનજાગૃતિ લાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા તા. ૬ નવેમ્બર સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. 'Probity for Prosperity' એટલે કે 'સત્યનિષ્ઠાથી



સમૃદ્ધિ' થીમ હેઠળ અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ એકત્રિત થઈ વહીવટી પારદર્શિતા, પ્રામાણિકતા અને નૈતિક મૂલ્યોનું પાલન કરવા સામૂહિક શપથ લીધા હતા. સરકારી કામગીરીમાં ભ્રષ્ટાચાર દૂર કરી રાષ્ટ્રના વિકાસમાં સત્યનિષ્ઠા જાળવવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ા ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

બગસરામાં દેશી-વિદેશી દારૂના વેચાણ પર પોલીસની કડક કાર્યવાહી

દારૂના દુષણ પર રોક લાગતા શહેરીજનોએ પણ પોલીસની કામગીરીને વખાણી

અમરેલી,તા.૦૩

બગસરા શહેરમાં છેલ્લાં ઘણાં સમયથી દેશી અને વિદેશી દારૂના ખુલ્લેઆમ વેચાણની ફરિયાદો ઊઠી રહી હતી. શહેરમાં પોલીસ અધિકારીઓની હાજરી હોવા છતાં દારૂનું વેચાણ બેફામ ચાલતું હોવાના આક્ષેપો થતા હતા. દારૂના નશામાં ધૂત થઈને કેટલાક લોકો જાહેર માર્ગો પર લથડિયાં ખાતા નીકળતા હોવાથી શહેરીજનોમાં ભારે નારાજગી જોવા મળતી હતી. જોકે, તાજેતરમાં શહેર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ઓમદેવસિંહ જાડેજાએ ચાર્જ સંભાળતાં જ દારૂના ગેરકાયદેસર ધંધા સામે કડક વલણ અપનાવ્યું છે.

શહેરમાં અગાઉ દારૂના વેચાણ અને જાહેરમાં દારૂ પીવાના બનાવો અંગે વારંવાર ફરિયાદો ઊઠતી હતી. બુટલેગરોને જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય તેમ ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોવાના આક્ષેપો પણ થયા હતા. ભૂતકાળમાં દારૂના ગેરકાયદેસર વેચાણના દૃશ્યો દર્શાવતા વીડિયો પણ સામે આવ્યા હતા. તેમ છતાં આ પ્રવૃત્તિઓ પર અસરકારક અંકુશ ન આવતાં લોકોમાં પોલીસની કામગીરી સામે સવાલો ઊઠતા હતા.આ પરિસ્થિતિ વચ્ચે નવા પોલીસ ઈન્સ્પેક્ટર ઓમદેવસિંહ જાડેજાએ ચાર્જ સંભાળ્યા બાદ દારૂના ધંધાર્થીઓ સામે કડક કાર્યવાહી શરૂ કરતાં બુટલેગરો અને દારૂના બંધાણીઓમાં ફફડાટ ફેલાયો છે. લાંબા સમય બાદ પોલીસ દ્વારા દારૂની બદી સામે કડક વલણ અપનાવવામાં આવતાં શહેરીજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.પોલીસ દ્વારા શહેરમાં જ્યાં પણ દેશી કે વિદેશી દારૂનું ગેરકાયદેસર વેચાણ થતું હોય તેવા સ્થળોની માહિતી આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. નાગરિકો પાસેથી મળતી માહિતીના આધારે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં બગસરા પોલીસની કડક કામગીરીને શહેરીજનો દ્વારા આવકારવામાં આવી રહી છે. સાથે જ દારૂના ગેરકાયદેસર વેચાણ સાથે સંકળાયેલા બુટલેગરો અને જાહેરમાં નશાની હાલતમાં ફરતા શખ્સો સામે સતત અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે. હવે પોલીસની આ ઝુંબેશ દારૂની બદી પર કેટલો કાયમી અંકુશ લાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

રાજુલામાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો, આરોપી ઝડપાયો

અમરેલી,તા.૦૩



રાજુલામાં ચાર્જિંગમાં રાખેલો ઓપો કંપનીનો **K14 5G+** મોબાઈલ ફોન, કિંમત રૂ.૧૯,૯૯૯, કોઈ અજાણ્યો શખ્સ ચોરી ગયો હતો. આ અંગે ગુનો નોંધાયો હતો.પો.ઈન્સ. વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ, બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે રાજુલા ટાઉનમાંથી શંકાસ્પદ ઈસમ અનિરૂધ્ધભાઈ નારસંગભાઈ ભંડારી (ઉ.વ.૩૯)ને ઝડપી લેવાયો. પૂછપરછમાં તેણે ચોરીની કબૂલાત કરતાં મોબાઈલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

અમરેલીમાં આવતીકાલે ફૂલછોડના રોપાનું રાહત ભાવે વિતરણ કરાશે

અમરેલી,તા.૦૩

અમરેલીમાં નવરંગ નેચર ક્લબ રાજકોટ અને સરસ્વતી વિદ્યા મંદિરના સંયુક્ત ઉપક્રમે તા. ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ફૂલછોડના રોપાનું રાહત ભાવે વિતરણ યોજાશે. સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી લાઠી રોડ પર એસ.ટી. ડિવિઝન પાછળ આવેલી સરસ્વતી વિદ્યા મંદિર ખાતે આ કાર્યક્રમ યોજાશે. જેમાં ૧૫૦ થી વધુ જાતના ફૂલછોડ, ઈંગ્લિશ, દેશી અને કાશ્મીરી ગુલાબ, મોગરો, જાસૂદ સહિતના છોડ મળશે. આ ઉપરાંત મની પ્લાન્ટ, પીસ લીલી જેવા ઈન્ડોર પ્લાન્ટ તથા જામફળ અને ચાઈનીઝ ઓરેન્જના ફળાઉ રોપાઓ પણ ઉપલબ્ધ રહેશે. ગાર્ડનિંગ માટે ખાતર, કોકોપીટ, કુંડાં, બિયારણ અને અન્ય સામગ્રી પણ મળશે. આયોજકોએ લોકોને કપડાની થેલી સાથે લાવવા અને કાર્યક્રમનો લાભ લેવા અપીલ કરી છે.

૧૫૦થી વધુ વેરાયટીના ફૂલછોડ, ઇન્ડોર-આઉટડોર પ્લાન્ટ અને ફળાઉ રોપાઓ મળશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ચલાલાની ક્રિના પોપટને ગોલ્ડ મેડલ

ચલાલા તા. ૦૩



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૧મા પદવીદાન સમારંભમાં ચલાલા નિવાસી પ્રકાશભાઈ પોપટની પુત્રી ક્રિના પોપટને ગોલ્ડ મેડલથી સન્માનિત કરાઈ હતી. એમ.કોમ. એકાઉન્ટન્સી વિષયમાં ૯૦.૨૦ ટકા ગુણ મેળવી સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ ઉપરાંત અન્ય બે ઈનામ પણ પ્રાપ્ત કર્યા હતા. તેમની આ સિદ્ધિથી પોપટ પરિવાર, રઘુવંશી સમાજ અને ચલાલા શહેરમાં આનંદની લાગણી પ્રસરી હતી. અનેક આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

દીકરીના પ્રેમલગ્નના આઘાતમાં ઝેરી દવા પીનારી માતાનું સારવારમાં મોત

ચલાલા, તા.૦૩

ચલાલામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દીકરીના પ્રેમલગ્નના આઘાતમાં ઝેરી દવા પીનારી માતાનું સારવારમાં મોત થયું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલાની દીકરીએ પ્રેમલગ્ન કર્યા હતા. જેના કારણે આઘાત લાગતાં ઝેરી દવા પી લીધી હતી. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ દરમિયાન મોત થયું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

મહિલાનું મોત થયા બાદ ચલાલા પોલીસના હેડ કોન્સ્ટેબલે વધુ તપાસ હાથ ધરી

વડિયાના દેવગામેથી માયાપાદર જવાના રસ્તે વ્હીસકીની ૧૦ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૦૩

વડિયાના દેવગામેથી માયાપાદર જવાના રસ્તે ગાત્રાળ કૃપા પેટ્રોલ પંપ પાસેથી વ્હીસકીની ૧૦ બોટલ ઝડપાઈ હતી. પોલીસે ૧૪૦૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે. ચિતલ ગામે બે મહિલા પાસેથી ૩૪ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય ત્રણ જગ્યાએથી ૧૨ લીટર દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય મોણપુર ગામે, ચિતલ રોડ ઉપર દેશી દારૂ બનાવવાનો ૯૦ લીટર આથો પકડાયો હતો. તેમજ જિલ્લામાં વિવિધ સ્થળેથી ૭ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

મોણપુર ગામે ચિતલ રોડ ઉપર દેશી દારૂ બનાવવાનો ૯૦ લીટર આથો પકડાયો

લુણસાપુરિયા દાદાના પ્રાચીન મંદિર સાથે તળાવનો વિકાસ થાય તો રાજુલા-જાફરાબાદના લોકો માટે પ્રવાસનનું નવું આકર્ષણ બની શકે

કુદરતી સૌંદર્યથી સમૃધ્ધ લુણસાપુરનું તળાવ વિકાસની રાહમાં !



જાફરાબાદ,તા.૦૩

જાફરાબાદ અને રાજુલા તાલુકાની વચ્ચે આવેલું લુણસાપુર ગામ કુદરતી સૌંદર્ય અને ધાર્મિક આસ્થાનો અનોખો સંગમ ધરાવે છે. જાફરાબાદ અને રાજુલાથી આશરે ૧૦-૧૦ કિલોમીટરના અંતરે આવેલા આ ગામના પાદરમાં હજારો વર્ષ જૂનું લુણસાપુરિયા દાદાનું પ્રાચીન મંદિર આવેલું છે. અહીં દર વર્ષે નાગપાંચમના પવિત્ર દિવસે મેળો ભરાય છે, જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પગપાળા દર્શનાર્થે આવે છે. રાજુલા-જાફરાબાદ વચ્ચે અવરજવર કરતા લોકો પણ અહીં રોકાઈ દાદાનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

મંદિરને અડીને આવેલું વિશાળ તળાવ ચોમાસા બાદ કુદરતી સૌંદર્યથી ખીલી ઊઠે છે. તળાવમાં મોટી સંખ્યામાં કાચબા અને બતક પાણીમાં તરતાં જોવા મળે છે. અંદાજે ૫૦૦ થી વધુ કાચબા અને બતકની હાજરી આ તળાવને વિશેષ આકર્ષણ આપે છે. તળાવની વચ્ચે આવેલો નાનો ડુંગર અને તેના પર ઊગેલાં વૃક્ષો બગલાઓ સહિતનાં વિવિધ પક્ષીઓ માટે કુદરતી આશ્રયસ્થાન બન્યાં છે. આ નયનરમ્ય દૃશ્ય પર્યાવરણપ્રેમીઓ અને પ્રકૃતિના શોખીનોને આકર્ષી શકે તેમ છે.જો આ તળાવનો આયોજનબધ્ધ વિકાસ કરવામાં આવે તો તે પ્રવાસન સ્થળ તરીકે નવી ઓળખ મેળવી શકે છે. તળાવનું ઊંડું ઉત્ખનન કરી પાણી સંગ્રહ ક્ષમતા વધારવામાં આવે, કિનારે સુંદર ઘાટ બનાવવામાં આવે તેમજ તળાવની વચ્ચે આવેલા વૃક્ષોની આસપાસ પક્ષીઓ માટે પક્ષીઘર બનાવવામાં આવે તો પક્ષીઓના સંરક્ષણને પણ પ્રોત્સાહન મળી શકે છે. તળાવની ત્રણેય બાજુ વૃક્ષારોપણ કરવામાં આવે અને મુલાકાતીઓ માટે બેસવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો આ સ્થળની સુંદરતામાં વધારો થઈ શકે છે. સાથે જ લુણસાપુરિયા દાદાના મંદિર માટે ભવ્ય પ્રવેશદ્વાર બનાવવામાં આવે તો ધાર્મિક સ્થળને પણ નવી ઓળખ મળી શકે છે.

સિન્ટેક્સ કંપનીની જાહેર સુનાવણીમાં અપાયેલી ખાતરીઓનો અમલ ક્યાં સુધી પહોંચ્યો?

લુણસાપુર ગામની બાજુમાં આવેલી સિન્ટેક્સ કંપનીમાં અંદાજે ત્રણથી ચાર હજાર લોકો રોજગારી મેળવી રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, કંપનીની સ્થાપના સમયે યોજાયેલી જાહેર સુનાવણી દરમિયાન ગામના તળાવનો વિકાસ, બેસવાની વ્યવસ્થા, પ્રવેશદ્વાર સહિતની પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, કંપની શરૂ થયા બાદ આ ખાતરીઓનો કેટલો અમલ થયો તે અંગે ગ્રામજનોમાં સવાલો ઊઠી રહ્યા છે. જાહેર સુનાવણી દરમિયાન થયેલી રજૂઆતો અને અપાયેલી ખાતરીઓની પણ સમીક્ષા કરવામાં આવે તેવી માંગ છે.


CSR ફંડનો ઉપયોગ કરી તળાવ અને મંદિરનો વિકાસ કરાવવા રજૂઆત

સ્થાનિકોની માંગ છે કે સિન્ટેક્સ કંપની પોતાની સામાજિક જવાબદારી (CSR) અંતર્ગત લુણસાપુરિયા દાદાના મંદિરનું પ્રવેશદ્વાર, તળાવના કિનારે સુંદર ઘાટ, પક્ષીઓ માટે પક્ષીઘર, વૃક્ષારોપણ અને મુલાકાતીઓ માટે બેસવાની સુવિધા ઊભી કરવા આગળ આવે. આ ઉપરાંત રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર પણ આ કુદરતી સંપદાના વિકાસ માટે વિશેષ આયોજન કરે.લુણસાપુરના તળાવનો યોગ્ય વિકાસ થાય તો તે માત્ર ગામ પૂરતું સીમિત નહીં રહે, પરંતુ રાજુલા અને જાફરાબાદ તાલુકાના લોકો માટે ધાર્મિક આસ્થા, પર્યાવરણ સંરક્ષણ અને પરિવાર સાથે સમય વિતાવવા માટેનું સુંદર સ્થળ બની શકે તેમ છે. કુદરતી સૌંદર્યની અમૂલ્ય ભેટ ધરાવતું આ તળાવ હાલમાં વિકાસની રાહ જોઈ રહ્યું છે. હવે ગ્રામજનોની આ માંગ સામે સિન્ટેક્સ કંપની અને સરકારી તંત્ર કેવું વલણ અપનાવે છે તે જોવું રહ્યું.

સિન્ટેક્સ કંપનીના CSR ફંડમાંથી તળાવનું રિનોવેશન, સુંદર ઘાટ, પ્રવેશદ્વાર, પક્ષીઘર અને વૃક્ષારોપણ કરાવવા ગ્રામજનોની માંગ









તંત્રી લેખ

મેક ઇન ઇન્ડિયાથી મેક ફોર ઓશન

એક દેશ ત્યારે જ મહાસત્તા બને છે જ્યારે તેની સુરક્ષાનું નકશા-આલેખન તે પોતે બનાવતો થાય. ભારતીય નૌસેના માટે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ સમાચાર આવ્યા છે. ભારત સરકારે આઠ નવી પેઢીના સ્ટીલ્થ કાર્વેટ યુધ્ધજહાજો બનાવવા માટે લીલી ઝંડી આપી દીધી છે. સંરક્ષણ મંત્રાલયે બીજી નવેમ્બર બે હજાર છવ્વીસના રોજ આ માટે ત્રેપન હજાર આઠસો છાસઠ કરોડ પચાસ લાખ રૂપિયાના બે મોટા કરાર કર્યા છે, જે ભારતીય જહાજ નિર્માણના ઈતિહાસમાં સૌથી મોટા કરારોમાંનો એક છે. આ સોદાની સૌથી મોટી અને ક્રાંતિકારી વાત એ છે કે આ પહેલી વખત બનશે કે ભારતીય નૌસેના પોતે જ યુધ્ધજહાજોની સંપૂર્ણ ડિઝાઈન તૈયાર કરશે અને તેને બનાવડાવશે.

અત્યાર સુધીની પરંપરા એવી હતી કે યુધ્ધજહાજની ડિઝાઈન કોઈ અલગ ડિઝાઈન એજન્સી અથવા વિદેશી સહયોગથી તૈયાર થતી હતી અને પછી નૌસેના તેને મંજૂર કરતી હતી. પરંતુ હવે આ પરંપરા બદલાઈ છે. નૌસેનાના પોતાના યુધ્ધજહાજ ડિઝાઈન વિભાગ દ્વારા આ આઠ જહાજોની ડિઝાઈન સંપૂર્ણપણે ભારતમાં તૈયાર કરવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે પોતે સ્પષ્ટ કહ્યું છે કે આ પહેલો એવો પ્રોજેક્ટ છે જ્યાં જહાજો નૌસેના દ્વારા ડિઝાઈન કરાયેલા હશે અને સ્પર્ધાત્મક બોલી પ્રક્રિયાથી પસંદ થયેલા જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા બનાવવામાં આવશે. આ ડિઝાઈનને હકીકતમાં ફેરવવાનું કામ દેશના બે વિશ્વસનીય સરકારી શિપયાર્ડને સોંપાયું છે. કોલકાતા સ્થિત ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ પાંચ જહાજો બનાવશે જ્યારે ગોવા શિપયાર્ડ લિમિટેડ ત્રણ જહાજોનું નિર્માણ કરશે. આ યોજનાને વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિએ મંજૂરી આપી હતી, જે દર્શાવે છે કે સરકાર આ પ્રોજેક્ટને કેટલું મહત્વ આપે છે.

આ તકને વધુ મોટી સફળતામાં બદલવા માટે આપણે ત્રણ બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ. પહેલો રસ્તો છે કૌશલ્ય અને સમયનું સંચાલન. મોટા પ્રોજેક્ટમાં ઘણીવાર સમય વધારે લાગે છે. તેને ટાળવા માટે શિપયાર્ડમાં મોડ્યુલર બાંધકામ, જ્યાં જહાજના અલગ અલગ ભાગો એકસાથે બને છે, તેવી આધુનિક પધ્ધતિનો ઉપયોગ વધારવો જોઈએ. સાથે જ ગુજરાત, મહારાષ્ટ્ર અને તમિલનાડુની ટેકનિકલ સંસ્થાઓમાં દરિયાઈ ઈજનેરી અને વેલ્ડીંગના ખાસ અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ જેથી ભવિષ્ય માટે કુશળ કારીગરો તૈયાર થાય. બીજો રસ્તો છે નાના ઉદ્યોગોને તાકાત આપવી. એક યુધ્ધજહાજ બને છે ત્યારે તેના સિત્તેર ટકાથી વધુ નાના ભાગો નાના ઉદ્યોગો બનાવે છે. તેમને જો સમયસર પૈસા મળે અને ઓછા વ્યાજે ધિરાણ મળે તો તેઓ વધુ સારું કામ કરી શકે. સરકારે આ માટે એક ખાસ ડિજિટલ પોર્ટલ બનાવવું જોઈએ જ્યાં નાના ઉદ્યોગો સીધા જ શિપયાર્ડ સાથે જોડાઈ શકે. ત્રીજો રસ્તો છે આવતીકાલનું સંશોધન. આજે આપણે છદ્મવેશી જહાજો બનાવીએ છીએ, પણ ભવિષ્યમાં વિદ્યુત, હાઈડ્રોજન ઈંધણ અને માનવરહિત જહાજોનો જમાનો આવશે. તેથી નૌસેના, સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન અને ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાનો જેવી સંસ્થાઓએ સાથે મળીને એક સંયુક્ત સંશોધન કેન્દ્ર બનાવવું જોઈએ જે કૃત્રિમ બુદ્ધિમત્તા અને હરિત ટેકનોલોજી પર કામ કરે.

ટૂંકમાં, નૌસેના દ્વારા જાતે ડિઝાઈન કરાયેલા આ આઠ નવા યુધ્ધજહાજો એ માત્ર લોખંડ અને સ્ટીલની વાત નથી, તે ભારતના બદલાયેલા વિચારની અને વધેલા આત્મવિશ્વાસની વાત છે. આપણે હવે ડિઝાઈન ઉધાર લેતા નથી, આપણે ડિઝાઈન બનાવીએ છીએ અને દુનિયાને બતાવીએ છીએ. ત્રેપન હજાર આઠસો છાસઠ કરોડનું આ રોકાણ ભારતને હિંદ મહાસાગરમાં વધુ સુરક્ષિત અને વિશ્વમાં વધુ સન્માનનીય બનાવશે. આ એક સકારાત્મક શરૂઆત છે જે આવનારી પેઢીને કહેશે કે સમુદ્ર ભલે અસીમ હોય, પણ ભારતની ક્ષમતા તેનાથી પણ મોટી છે.

વન્યપ્રાણીના વધતા જતા હુમલાથી શ્રમિકોમાં ભયનો માહોલ

ધારીના નાગધ્રા ગામની વાડીમાં બાળક પર દીપડાનો હુમલો

ધારી,તા.૦૩

ધારી તાલુકાના નાગધ્રા ગામની સીમમાં આવેલી વાડીમાં વહેલી સવારે દીપડાએ સાત વર્ષના બાળક પર હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. આ હુમલામાં બાળકને માથાના ભાગે ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ, જીતેશભાઈ રાણીંગભાઈ વાળાની વાડીમાં રહેતા મજૂરના સાત વર્ષના બાળક અજિતભાઈ પટેલ પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. ઘટનાને પગલે પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધારી હોસ્પિટલ લઈ જવાયો હતો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.વાડીના માલિક જીતેશભાઈ વાળાએ બનાવ અંગે વનવિભાગને જાણ કરતાં આર.એફ.ઓ. સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વનવિભાગની ટીમોએ દીપડાનું લોકેશન મેળવવા અને તેને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. ધારી પંથકમાં દીપડાના હુમલાની વધતી ઘટનાઓને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેડૂત પરિવારો અને ખેતમજૂરોમાં પણ ચિંતા ફેલાઈ છે.

માથાના ભાગે ઈજા થતાં ૧૦૮ મારફતે ધારીથી અમરેલી હોસ્પિટલ ખસેડાયો

શિકારની શોધમાં સિંહો હાલરીયા ગામમાં ઘુસ્યા

અમરેલી,તા.૦૩

બગસરા તાલુકાના હાલરિયા ગામમાં ત્રણ સિંહો શિકારની શોધમાં આવ્યા હતા. રાતના સમયે તેઓ બજરંગ પરા વિસ્તારની શેરીઓમાં ફરતા જોવા મળ્યા હતા. આ ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી. સિંહો શેરીઓમાં પહોંચતા રખડતા પશુઓમાં નાસભાગ મચી હતી. ગામમાં સિંહોની લટારના CCTV ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

રાજુલા તાલુકાના છતડીયા ગામે ગોળ કુંડાળુ વળી જુગાર રમતાં ૧૧ ઝડપાયા

રાજુલા, તા.૩

રાજુલાના છતડીયા ગામે ગોળ કુંડાળુ વળી જુગાર રમતાં ૧૧ ઝડપાયા હતા. છતડીયા ગામે શીતળામાંના મંદિરની પાસે ગામના ઝાપામાં આવેલા ખેતર તરફ જતા રસ્તામાં લેમ્પના અજવાળે જાહેરમાં જુગાર રમતાં ખોડુભાઈ પોપટભાઈ રાઠોડ, વિપુલભાઈ હંસરાજભાઈ ચૈાહાણ, અશોકભાઈ માધાભાઈ વાઘેલા, ચેતનભાઈ કિશનભાઈ ચૈાહાણ, વિજયભાઈ મધુભાઈ વાળા, ગૈાતમભાઈ સુરેશભાઈ ચૈાહાણ, ગાંગાભાઈ કાળુભાઈ ખાંભલા, હરેશભાઈ ભાભલુભાઈ વાળા, દર્શનભાઈ લાભશંકરભાઈ જાખરા, ખોડુભાઈ જોરૂભાઈ ડાભીયા, નાગજીભાઈ તેજાભાઈ ચાવડા જાહેરમાં ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા જુદા જુદા દરની નોટો મળી રોકડા રૂ.૧૯,૭૫૦ સાથે ઝડપાયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી જે કાતરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

પોલીસે રૂા.૧૯,૭૫૦ની રોકડ ઝડપી પાડી, જુગારીઓ સામે કાર્યવાહી હાથ ધરી

સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરના રજત જયંતિ મહોત્સવનું ભવ્ય આયોજન

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલા ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજના તાબા હેઠળના સ્વામિનારાયણ મંદિરના ૨૫ વર્ષ પૂર્ણ થતાં તા. ૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન રજત જયંતિ મહોત્સવ અને ભવ્ય શ્રીમદ્ ભાગવત પારાયણ યોજાશે. આ પ્રસંગે શિવાજી નગર જલારામ મંદિર પાસે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ



હતી. જેમાં નિર્લેપસ્વરૂપદાસજી અને હરિપ્રકાશદાસજી કથાનું રસપાન કરાવશે. ભુવા રોડ પર મંગળુભાઈ લખુબાપુ ખુમાણની વાડીમાં યોજાનારા મહોત્સવમાં દરરોજ મોટી સંખ્યામાં ભક્તો જોડાય અને સહયોગ આપે તેવી આયોજકોએ અપીલ કરી હતી.

રાજુલાના દાતરડી ગામના યુવકનો મોબાઈલ અપડેટ થયા બાદ ખાતામાંથી ૫૩,૦૦૦ કપાઈ ગયા

રાજુલા, તા.૩

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના સામે આવી હતી.

રાજુલાના દાતરડી ગામના યુવકનો મોબાઈલ અપડેટ થયા બાદ ખાતામાંથી ૫૩,૦૦૦ કપાઈ ગયા હતા. કિશોરભાઈ મગનભાઈ ભીલ (ઉ.વ.૪૦) એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો મોબાઈલ ફોન અચાનક અપડેટ થવા લાગ્યો હતો. જે બાદ તેમણે બેંક ખાતાનું બેલેન્સ તપાસતા તેમાંથી રૂ. ૫૩,૦૦૦ કપાઈ ગયા હતા. આ રૂપિયા રાહીલ અહેમદ ભટ્ટના નામના ઈસમના બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતામાં ટ્રાન્સફર થયા હતા.

આમ આરોપીએ તેમની જાણ બહાર તેમના બેંક ખાતામાંથી રૂ.૫૩,૦૦૦ની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી સાયબર ફ્રોડ કર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના પી આઈ વી એસ પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના

અમરેલી શહેરમાં સ્વદેશી મેળાનું સમાપન: ૨૭ લાખનો વેપાર થયો

અમરેલી,તા.૦૩

અમરેલીમાં નગરપાલિકા કચેરી દ્વારા ૨૨/૧૦/૨૦૨૬થી ૩૧/૧૦/૨૦૨૬ સુધી કુલ ૧૦ દિવસ સુધી સ્વદેશી મેળા(શોપિંગ ફેસ્ટિવલ)નું આયોજન સીનીયર સિટીઝન પાર્ક, સેંટર પોઈન્ટ ખાતે કરવામાં આવેલ હતું. આ સ્વદેશી મેળાનું ઉદઘાટન સાંસદ ભરતભાઈ સુતરીયા અને મંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા કરવામાં આવેલ હતું. સરકાર દ્વારા ચલાવવામાં આવતા વોકલ ફોર લોકલ, હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના સૂત્ર ને સાર્થક કરતા સ્વસહાય જૂથની બહેનો તેમજ લોકલ વેપારીઓ દ્વારા સ્વદેશી વસ્તુઓનું વેચાણ કરીને કુલ ૧૦ દિવસમાં રૂ.૨૭,૦૧૦૬૯/- જેવી માતબર રકમની આવક પ્રાપ્ત કરેલ છે.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૬૭૫	૧૮૮૦
ઘઉં લોકવન	૫૯૫	૬૫૫
ઘઉં ટુકડા	૬૦૦	૭૩૯
જુવાર સફેદ	૧૩૦૦	૨૦૦૧
જુવાર લાલ	૧૦૫૦	૧૩૭૫
જુવાર પીળી	૫૦૦	૬૨૦
બાજરી	૪૨૨	૫૭૫
તુવેર	૧૩૭૬	૨૦૧૫
ચણા પીળા	૧૩૪૫	૧૪૭૦
ચણા સફેદ	૧૫૮૦	૨૨૪૦
અડદ	૧૫૦૦	૨૦૩૫
મગ	૧૪૪૮	૧૭૯૦
વાલ દેશી	૩૨૧	૧૫૦૦
ચોળી	૧૦૦૮	૧૯૫૩
વટાણા	૬૪૦	૯૯૯
રાજમા	૧૬૧૦	૨૧૬૬
સીંગદાણા	૧૯૦૦	૨૦૫૦
મગફળી જાડી	૧૨૨૧	૧૬૯૮
મગફળી જીણી	૧૨૬૧	૧૭૬૧
તલી	૨૩૦૦	૩૩૦૦
એરંડા	૧૩૬૦	૧૫૩૫
સોયાબીન	૧૧૮૦	૧૪૭૪
સીંગફાડા	૧૬૫૦	૧૯૬૦
કાળા તલ	૨૭૦૦	૩૮૦૦
લસણ	૧૧૪૧	૨૫૦૦
ધાણા	૨૬૫૦	૩૧૬૦
મરચા સુકા	૩૦૦૦	૫૮૦૦
ધાણી	૨૮૨૫	૩૨૦૦
વરીયાળી	૨૨૦૦	૨૬૫૦
જીરૂ	૪૫૦૦	૫૦૫૧
રાય	૧૫૫૦	૨૦૦૦
મેથી	૧૧૧૬	૧૮૪૦
ઇસબગુલ	૧૫૦૦	૧૮૦૦
કલોંજી	૪૭૦૦	૫૪૨૫
રાયડો	૧૩૫૦	૧૭૦૬
રજકાનું બી	૫૫૦૦	૭૩૯૦
ગુવારનું બી	૧૩૩૦	૧૫૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૦૧૪	૨૦૨૩
પપૈયા	૧૪૩	૨૮૩
બટેટા	૧૨૩	૩૫૮
ડુંગળી સુકી	૨૪૫	૭૯૧
ટમેટા	૨૪૩	૫૮૧
સુરણ	૪૨૧	૭૧૧
કોથમરી	૧૦૫૧	૧૮૨૧
મુળા	૪૧૨	૬૦૧
રીંગણા	૧૦૫	૨૯૭
કોબીજ	૨૪	૭૮
ફ્લાવર	૨૨૧	૩૫૮
ભીંડો	૭૫૯	૧૦૧૨
ગુવાર	૬૯૧	૧૦૦૯
ચોળાસીંગ	૭૯૩	૧૨૦૫
વાલોળ	૪૨૨	૭૮૮
ટીંડોળા	૧૧૩	૫૫૪
દુધી	૧૦૨	૧૮૯
કારેલા	૧૯૮	૩૯૦
સરગવો	૫૫૯	૧૦૯૩
તુરીયા	૫૯૦	૯૮૧
પરવર	૬૮૭	૯૧૨
કાકડી	૪૯૨	૭૧૨
ગાજર	૩૧૧	૫૧૫
વટાણા	૨૪૧૭	૩૨૨૧
તુવેરસીંગ	૭૧૮	૧૦૨૮
ગલકા	૨૯૭	૫૮૯
બીટ	૩૧૨	૪૯૯
મેથી	૫૯૧	૮૨૭
વાલ	૭૭૪	૧૦૧૩
ડુંગળી લીલી	૩૧૧	૪૯૮
આદુ	૧૩૧૮	૩૨૨૨
મરચા લીલા	૩૧૦	૬૧૨
હળદર લીલી	૬૨૧	૯૧૮
લસણ લીલું	૨૦૧૫	૩૨૦૭
મકાઇ લીલી	૧૬૪	૩૧૫

ગોંડલ

કપાસ	૧૨૫૧	૧૮૭૬
ઘઉં લોકવન	૫૮૪	૬૭૦
ઘઉં ટુકડા	૫૫૦	૮૭૧
મગફળી જીણી	૧૦૫૧	૧૭૦૧
સિંગદાણા જાડા	૧૭૦૦	૨૦૨૧
સિંગ ફાડીયા	૧૦૪૧	૨૦૬૧
એરંડા / એરંડી	૧૫૭૧	૧૬૧૫
જીરૂ	૨૧૫૧	૫૨૬૧
કલંજી	૨૦૦૧	૫૧૫૧
ધાણા	૨૮૦૧	૩૨૪૧
લસણ સુકું	૧૦૪૧	૨૫૨૧
ડુંગળી લાલ	૨૦૧	૧૦૩૧
અડદ	૧૦૫૧	૧૯૬૧
તુવેર	૧૦૦૦	૧૯૭૧
રાય	૧૮૫૧	૧૮૫૧
મેથી	૮૦૧	૧૪૮૧
મગફળી જાડી	૧૦૦૧	૧૬૯૬
સફેદ ચણા	૧૨૫૧	૨૨૯૧
મગફળી ૬૬	૧૨૫૦	૧૯૫૬
તલ - તલી	૨૦૦૧	૩૩૨૧
ધાણી	૨૮૫૧	૩૨૫૧
બાજરો	૨૦૧	૫૩૧
જુવાર	૭૭૬	૧૭૯૧
મકાઇ	૫૦૧	૬૩૧
મગ	૧૦૫૧	૧૯૦૧
ચણા	૧૦૦૧	૧૪૭૧
વાલ	૬૫૧	૧૩૫૧
વાલ પાપડી	૧૬૦૧	૧૬૦૧
ચોળા / ચોળી	૧૩૦૧	૧૭૨૬
સોયાબીન	૧૦૦૧	૧૪૪૧
ગોગળી	૯૬૧	૧૩૯૧
વટાણા	૪૨૧	૯૩૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૮૦	૪૦૦
મરચા	૨૦૦	૧૦૦૦
ગુવાર	૧૮૦	૧૨૦૦
કોબી	૨૦	૧૬૦
દુધી	૨૦	૨૦૦
ફ્લાવર	૨૦	૩૦૦
કાકડી	૨૦૦	૮૦૦
રીંગણા	૨૦	૨૦૦
ભીંડો	૨૦૦	૮૦૦
ગલકા	૧૦૦	૬૦૦
ગાજર	૧૦૦	૬૦૦
ટિંડોરા	૨૦૦	૫૦૦
તુવેર	૬૦૦	૧૦૦૦
વાલ	૨૦૦	૧૦૦૦
વટાણા	૧૯૮૦	૩૦૦૦
શક્કરીયા	૨૪૦	૯૦૦
કેરી કાચી	૮૦૦	૨૦૦૦
બટેટા	૧૪૦	૨૮૦
આંબળા	૨૦૦	૮૦૦
લીલી હળદર	૮૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૧૦
તાંજરીયા પુરા	૨	૮
કોથમીર પુરા	૨	૭
ફોદીનો પુરા	૫	૧૨
કાચા કેળા	૧૪૦	૨૬૦
પરવર	૫	૮
ઘીસોડા	૧૮૦	૮૦૦
લીંબુ	૨૦૦	૧૬૦૦
મેથી પુરા	૨	૧૨
બીટ પુરા	૪	૧૫
સરગવો પુરા	૧૦	૩૫
ચોરા	૨૦૦	૯૦૦
કારેલા	૧૦૦	૫૦૦
વાલોર	૨૦૦	૭૦૦
કાચા પોપૈયા	૨૦	૨૦૦
આદુ	૨૦૦	૧૪૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૦	૧૫
પાલક પુરા	૨	૫

અમરેલી

શિંગ મઠડી	૧૨૦૦	૧૫૨૫
ગીરનાર શિંગ	૧૧૯૦	૧૫૯૫
શિંગ મોટી	૧૧૦૦	૧૬૨૫
શિંગદાણા ફાડા	૧૪૦૦	૧૯૦૦
તલ સફેદ	૨૧૦૦	૩૭૩૦
તલ કાળા	૨૫૦૦	૪૨૫૫
તલ કાશમીરી	૨૯૫૦	૩૦૧૫
બાજરો	૩૦૦	૫૬૦
જુવાર	૫૮૦	૧૮૦૫
ઘઉં ટુકડા	૫૦૦	૭૪૦
ઘઉં લોકવન	૫૫૦	૬૫૫
મગ	૯૪૦	૧૭૮૫
અડદ	૧૨૦૦	૧૭૮૦
ચણા	૮૦૦	૧૪૬૫
સફેદ ચણા	૧૦૦૦	૧૩૮૦
છોલે ચણા	૧૬૮૦	૧૬૮૦
વટાણા	૯૫૦	૯૫૦
તુવેર	૯૪૦	૧૮૭૫
કપાસ	૧૦૫૫	૧૯૧૫
એરંડા	૧૨૦૦	૧૫૪૦
જીરૂ	૩૨૦૦	૪૮૭૦
ધાણી	૨૫૦૦	૩૨૦૦
મેથી	૧૩૦૦	૧૩૦૦
સોયાબીન	૧૦૨૦	૧૪૧૫
રજકાનું બી	૪૯૭૫	૬૫૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૫૦	૨૯૦
રીંગણા	૧૫૦	૪૦૦
ફ્લાવર	૨૦૦	૩૦૦
કોબીજ	૧૦૦	૧૭૦
શક્કરીયા	૪૮૦	૫૮૦
ટમેટાં	૩૩૦	૫૦૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૧૬૦	૨૧૦
કારેલા	૪૦૦	૫૦૦
ગલકા	૪૦૦	૫૦૦
મૂળા	૨૦૦	૩૦૦
કાકડી	૫૦૦	૭૦૦
ગુવાર	૪૦૦	૮૨૦
વાલોળ	૫૦૦	૬૦૦
વટાણા	૨૮૦૦	૩૦૦૦
ચોળા લીલા	૬૦૦	૭૦૦
તુરીયા	૬૦૦	૭૦૦
વાલ	૯૦૦	૧૦૦૦
ચિભડા	૪૮૦	૭૯૦
ભીંડો	૬૦૦	૭૦૦
લીલી તુવેર	૧૦૦૦	૧૨૦૦
આદુ	૧૧૦૦	૧૨૦૦
કોથમીર	૧૪૦૦	૨૦૦૦
મેથીભાજી	૫૩૦	૬૩૦
ફોદીનો	૯૦૦	૧૦૦૦
ટીંડોરા	૪૫૦	૫૩૦
બીટ	૫૮૦	૬૫૦
હળદર લીલી	૮૫૦	૧૦૫૦
સરગવો	૮૦૦	૧૨૦૦
લીમડો મીઠો	૧૪૦	૧૭૦
મરચાં લીલાં	૬૦૦	૯૦૦
મરચાં લાલ	૪૦૦	૮૦૦
ડુંગળી લીલી	૩૦૦	૪૫૦
ડુંગળી સુકી	૬૦૦	૧૦૦૦
લસણ લીલું	૨૦૦૦	૨૮૦૦
લસણ સુકું	૧૮૦૦	૨૨૦૦
પાલક	૬૦૦	૭૦૦
લીબુ	૧૦૦૦	૧૮૦૦
મકાઈ	૨૦૦	૨૮૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૦૦	૧૭૦૦
શીંગ મોટી	૧૩૨૦	૧૬૫૧
તલ સફેદ	૨૮૧૧	૩૩૦૦
તલ કાળા	૩૩૭૫	૪૦૬૧
જીરૂ	૪૫૦૦	૫૦૭૨
કપાસ	૧૮૨૦	૧૮૮૦
ઘઉં લોકવન	૫૬૦	૬૨૨
ઘઉં ટુકડા	૬૦૦	૬૮૦
બાજરો	૪૧૧	૬૦૯
જુવાર	૧૨૦૦	૧૭૪૦
અડદ	૧૭૦૦	૨૧૦૫
ચણા	૧૨૩૦	૧૫૦૧
દેશી ચણા	૧૨૫૦	૧૪૫૦
તુવેર	૧૨૫૦	૧૮૦૦
ધાણા	૨૫૦૦	૩૧૩૦
સોયાબીન	૧૨૭૦	૧૩૮૧

બાબરા★

કપાસ	૧૮૪૦	૧૯૩૦
કપાસ મીડી.	૧૭૧૦	૧૮૨૧
મગફળી	૧૩૩૫	૧૫૨૧
તલ સફેદ	૨૮૪૦	૩૨૧૧
તલ કાળા	૩૨૪૦	૩૭૭૦
જીરૂ	૪૭૩૦	૫૧૦૫
ચણા	૧૩૧૫	૧૪૨૧
ઘઉં	૫૫૧	૬૨૫
મગ	૧૮૧૦	૨૦૦૦
સોયાબીન	૧૩૪૦	૧૩૭૦

બગસરા

કપાસ	૧૬૦૦	૧૯૧૮
ઘઉં લોકવન	૫૫૧	૬૨૧
ઘઉં ટુકડા	૫૬૫	૫૭૨
મગફળી	૧૦૦૦	૧૪૪૦
ચણા	૧૨૧૫	૧૪૨૫
લસણ	૧૨૦૦	૨૨૪૦
રજકાનું બી	૮૫૦૦	૮૫૦૦
સોયાબીન	૧૧૨૫	૧૩૪૨
તલ કાળા	૨૦૦૦	૩૯૨૦
અડદ	૧૪૦૦	૧૭૫૦
તલ સફેદ	૨૮૫૦	૨૯૦૦
શીંગ દાણા	૧૫૦૦	૧૫૦૦
ચણા સફેદ	૧૩૫૦	૧૩૫૦
ધાણા	૨૫૫૦	૨૭૧૫
તુવેર	૯૪૦	૧૬૪૯
મગ	૧૪૭૫	૧૫૨૫
મેથી	૧૨૫૦	૧૨૫૦
બાજરો	૩૨૮	૩૨૮

ધારી

કપાસ એ	૧૩૮૦	૧૮૫૧
મગફળી	૧૦૦૦	૧૫૨૫
ઘઉં	૪૯૫	૫૪૬
ચણા	૧૨૫૦	૧૪૪૭
શીંગ દાણા	૧૮૩૦	૧૮૩૦
ધાણા	૨૭૦૦	૨૭૦૦
અડદ	૧૫૦૦	૧૮૦૦
ચોળી	૬૦૦	૬૦૦
કલોંજી	૪૭૦૦	૪૭૦૦
કાળા તલ	૩૩૧૦	૩૩૧૦
સોયાબીન	૧૦૩૦	૧૩૫૦

ખાંભા

કપાસ	૧૭૫૦	૧૮૪૧
મગફળી	૧૦૫૦	૧૪૩૧
તલ સફેદ	૨૮૦૦	૩૨૧૧
સોયાબીન	૧૧૫૦	૧૩૩૫
અડદ	૧૬૫૫	૧૭૫૫

રાજુલા

શીંગ	૧૦૦૦	૧૫૩૧
તલ સફેદ	૨૪૦૦	૩૩૬૨
તલ કાળા	૩૫૦૦	૩૫૦૦
કપાસ	૧૭૩૫	૧૮૫૦
બાજરો	૫૦૧	૬૪૬
ઘઉં ટુકડા	૫૦૦	૬૬૬
જુવાર	૭૦૦	૧૮૫૧
મગ	૧૨૦૦	૧૨૦૦
અડદ	૧૭૦૦	૧૯૫૦
ચણા	૧૩૨૫	૧૪૨૦
સોયાબીન	૧૧૦૦	૧૩૬૩
રાય	૧૮૦૦	૧૮૦૦

જામનગર

બાજરી	૪૮૫	૫૩૪
ઘઉં	૫૫૦	૬૯૧
મગ	૧૪૮૦	૧૭૬૦
અડદ	૧૬૫૦	૧૯૩૦
ચોળી	૬૦૦	૬૫૦
ચણા	૧૩૮૦	૧૪૮૧
ચણા સફેદ	૧૧૧૫	૨૧૭૦
મગફળી જીણી	૧૪૦૦	૧૭૧૦
મગફળી જાડી	૧૩૦૦	૧૬૪૦
મગફળી ૬૬ ન.	૧૫૦૦	૨૩૩૫
મગફળી ૯ ન.	૧૭૦૦	૨૭૩૦
એરંડા	૧૨૯૫	૧૫૮૦
તલી	૨૧૧૫	૩૩૨૦
તલ કાળા	૩૦૬૦	૩૭૦૦
રાયડો	૧૪૦૦	૧૬૫૦
રાય	૧૩૫૦	૧૮૪૦
લસણ	૮૦૦	૨૬૦૦
કપાસ	૧૭૯૦	૧૯૨૫
જીરૂ	૩૫૦૦	૫૦૦૫
મરચાં	૨૫૦૦	૫૯૯૫
ડુંગળી સુકી	૩૦૦	૮૦૦
સોયાબીન	૧૨૦૦	૧૩૬૫
વટાણા	૩૫૦	૯૩૫

લીલીયા મોટા

કપાસ	૧૮૪૦	૧૯૨૨
સોયાબીન	૧૨૮૧	૧૨૮૧

કોડીનાર

મગફળી નવી	૧૩૨૫	૧૬૩૧
બાજરી હાઇબ્રીડ	૪૫૫	૫૮૪
ઘઉં	૫૫૦	૬૭૦
જુવાર	૧૨૦૦	૧૬૪૨
અડદ	૧૨૦૦	૧૮૯૮
ચણા	૧૩૦૦	૧૪૩૨
સફેદ તલ	૨૬૫૦	૩૨૧૪
કાળા તલ	૨૩૫૦	૩૯૧૮
સોયાબીન	૧૧૫૦	૧૪૨૮



06

લાગે તો તીર :-પપુડાની બેઠી આવક બંધ થઈ, ઈ મોટું કારણ!

યુરોપ-રશિયા વચ્ચે વિશ્વયુદ્ધના ભણકારા ?

૨૦૩૦ માં ત્રીજું વિશ્વયુધ્ધ થશે?

અમેરિકા, જાપાન, બ્રિટન સહિતના દેશોમાં લોકોને સરકાર દ્વારા જ ઘરમાં ઈમરજન્સી રાશન, પાવર બેંક, પીવાનું પાણી વગેરેનો સંગ્રહ કરવાની સલાહ અપાતાં સોશિયલ મીડિયા પર ત્રીજું વિશ્વયુધ્ધ તોળાઈ રહ્યું હોવાની ચેતવણીઓ શરૂ થઈ ગઈ છે. ૨૦૩૦ સુધીમાં જું વિશ્વયુધ્ધ ફાટી નિકળશે એવી આગાહીઓ થવા માંડી છે. તેને લગતાં વિશ્લેષણોનો પણ મારો ચાલી રહ્યો છે.



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ 'ત્રીજું વિશ્વયુધ્ધ નજીક છે' એવો મમરો મૂકીને બળતામાં ઘી હોમ્યું છે. ટ્રમ્પની કોમેન્ટ પછી અમેરિકા હેડક્વાર્ટર પેન્ટાગોને પણ પોતાના સૈન્ય મથકોમાં ૯૦ દિવસ સુધી ચાલે તેટલું ખાવાનું, હથિયારો અને ફ્યુઅલ એકઠું કરી રહ્યું હોવાના સમાચાર આવતાં દુનિયામાં મોટું યુધ્ધ તોળાઈ રહ્યું હોવાની વાતોને હવા મળી છે.

સોશિયલ મીડિયા પરની વાતો સાવ મોં-માથા વિનાની પણ નથી કેમ કે યુકેના સંરક્ષણ મંત્રી વેસ સ્ટ્રીટીંગે થોડા દિવસ પહેલાં જ ચેતવણી આપી હતી કે, વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૌગોલિક રાજકીય જોખમોને જોતા બ્રિટન અને તેના નાટો (NATO) સહયોગી દેશો પાસે યુધ્ધ માટે સજ્જ થવા માટે માત્ર ૧૦૦૦ દિવસ બચ્યા છે. અત્યારે ૨૦૨૬નો અંત નજીક છે એ જોતાં આશરે ૨૦૩૦ સુધીનો સમય છે.

વેસ સ્ટ્રીટીંગનું નિવેદન વ્યક્તિગત નહોતું કેમ કે આ નિવેદન પછી તરત જ યુકે સરકારે દેશમાં નાગરિકો માટે 'બી રેડી' અભિયાન શરૂ કર્યું છે. 'બી રેડી' અભિયાન હેઠળ સામાન્ય લોકોને સાયબર એટેક, પૂર સહિતની કુદરતી આફતો કે વીજળી ગુલ થવી સહિતની કોઈપણ અચાનક આવી પડતી કટોકટીને પહોંચી વળવા ઘરમાં ઓછામાં ઓછો ૩ દિવસ એટલે કે ૭૨ કલાકનો સામાન રાખવા સલાહ આપવામાં આવી છે. લોકોને ઘરોમાં ઓછામાં ઓછું ૩૦૦ લિટર લીટર પાણી, લાંબો સમય ચાલે તેવો ખોરાક, દવાઓ, ટોર્ચ અને રોકડા પૈસા સહિતની ચીજો તૈયાર રાખવા કહેવાયું છે.

યુકેના પગલે જાપાનની સરકારે પણ આવી જ જાહેરાત કરી નાંખી. જાપાન સરકારે નવી 'નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી' શરૂ કરીને ૨ નવેમ્બરથી તમામ નાગરિકોને ઘરમાં આપત્તિજનક સ્થિતિ માટે તૈયારીઓ રાખવાની સત્તાવાર અપીલ કરી નાંખી છે. જાપાનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીએ તમામ નાગરિકોને ઘરમાં ઓછામાં ઓછા ૩ દિવસ અને આદર્શ રીતે ૧ અઠવાડિયા સુધી ચાલે તેટલું અનાજ, પાણી અને ટોઇલેટરીઝ સહિતનો જરૂરી સામાન સંગ્રહ કરવા જણાવ્યું છે. જાપાનમાં સામાન્ય રીતે ભૂકંપના જોખમોને કારણે આવી તૈયારીઓ રખાતી હોય છે પણ આ વખતે ભૂકંપનો ઉલ્લેખ કરાયો નથી.

અમેરિકા અને યુરોપના દેશોમાં પણ આવી ચેતવણી અપાઈ છે. અમેરિકા (USA) ના લશ્કરી પોતાની તમામ લશ્કરી છાવણી એટલે કે મિલિટરી બેઝને બહારની કોઈ સહાય વિના સળંગ ૯૦ દિવસ સુધી ટકી શકાય એ રીતે સજ્જ કરી દીધું. જર્મની, ફ્રાન્સ અને નોર્વે જેવા યુરોપિયન દેશોએ પણ પોતાના નાગરિકોને કટોકટીના સમય માટે ૩ દિવસથી શરૂ કરીને ૧૦ દિવસ સુધીનું રેશન રાખી મૂકવા માટે સલાહ આપીને એક ગાઈડલાઈન જાહેર કરી છે.

■■■

અમેરિકા-યુરોપને કોનો ડર છે ?

યુકે, જાપાન, અમેરિકા, યુરોપના દેશો પાસે ઈન્ટેલિજન્સ રીપોર્ટ હશે તેના આધારે આ ફરમાન કરાયાં હોવાનું મનાય છે. સવાલ એ છે કે, કોના ડરના કારણે આ દેશો આ તૈયારી કરી રહ્યા છે ? કોઈ દેશ ફોડ પાડીને વાત કરી નથી પણ આ ડર રશિયાનો હોવાનું મનાય છે. રશિયા ૨૦૩૦ સુધીમાં યુરોપ પર આક્રમણ કરશે એવું સૌને લાગે છે.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

યુરોપના દેશો અમેરિકાના નેતૃત્વ હેઠળના નાટોમાં સભ્યો છે તેથી યુરોપ પર આક્રમણ થાય તો અમેરિકાએ મેદાનમાં આવવું જ પડે ને અમેરિકા મેદાનમાં આવે તો જાપાન સહિતના તેના સાથી દેશોને સૌથી પહેલી અસર થાય તેથી રશિયાનું યુરોપ પર આક્રમણ વિશ્વ યુધ્ધમાં ફેરવાઈ જાય એવો ખતરો છે.

આ ફરમાનોની વિગતો સોશિયલ મીડિયા પર ફેલાતાં લોકોમાં અર્થતંત્રને ફટકો પડી જાય તેથી વ્લાદિમીર પુતિને યુરોપિયન દેશોને ચેતવણી આપી છે કે, બાલ્ટિક સમુદ્રમાં જહાજોની અવરજવર રોકવાનો પ્રયાસ કરવામાં આવશે તો ત્યાં પણ હોર્મુઝ જેવી સ્થિતિ ઊભી થશે અને રશિયા સાથે ટકરાવ વધારવો યુરોપના દેશોને માટે મોંઘો પડી જશે. પુતિને રશિયા યુરોપ સાથે યુધ્ધ ઈચ્છતું નથી એ સ્પષ્ટતા કરીને ચીમકી આપી છે કે, કોઈ દેશ રશિયા સાથે ટકરાશે તો તેના પરિણામો માટે તૈયાર રહેવું પડશે.

■■■

વિશ્વ યુધ્ધ થાય તો ભારતને શું અસર થાય ?


ભારતની અત્યાર સુધીની નીતિ જોતાં ભારત યુધ્ધમાં સીધું સામેલ થાય એવી કોઈ શક્યતા નથી. ભારતના રશિયા અને યુરોપના દેશો બંને સાથેના સંબંધો સારા છે. યુક્રેન યુધ્ધના મામલે પણ ભારત તટસ્થ રહ્યું છે. ભારત યુરોપથી દૂર પણ હોવાથી ભારત પર સીધા કોઈ આક્રમણનો ખતરો નથી પણ વિશ્વ યુધ્ધ થાય તો આખી દુનિયા ડામાડોળ થઈ જ જાય.

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલનું સામાન્ય યુધ્ધ પણ ભારતની હાલત બગાડી નાંખે છે તો વિશ્વ યુધ્ધથી તો ભારતના અર્થતંત્રની હાલત સાવ ખરાબ થઈ જાય. ભારત દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ હોવાથી ભારતની જરૂરીયાતો સૌથી વધારે છે. ભારત અનાજ, દૂધ સહિતની કેટલીક રોજિંદી જરૂરીયાતની ચીજો સિવાય બાકીની લગભગ તમામ ચીજો માટે બીજા દેશો પર નિર્ભર હોવાથી ભારત માટે વિશ્વ યુધ્ધ મોટો ફટકા સાબિત થાય.

માનો કે વિશ્વ યુધ્ધ ના થાય ને રશિયા અને યુરોપ વચ્ચે તણાવ વધે તો પણ ભારતની હાલત બગડી જાય. બાલ્ટિક સમુદ્ર મારફતે રશિયાનું લગભગ ૪૦ ટકા ક્રુડ ઓઈલ બીજા દેશોમાં જાય છે. આ માર્ગ પર નાકાબંધી થાય તો ક્રુડ ઓઈલના ભાવ સીધા ડબલ થઈ જાય ટ્રાન્સપોર્ટેશન મોંઘું થઈ જાય તેમાં ભારતમાં મોંઘવારી બેફામ થઈ જાય. પેટ્રોલ-ડીઝલ અને ખાતરના ભાવ વધી જાય તેથી ખાદ્યપદાર્થો સહિતની રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓના ભાવ વધે તેમાં ભારતની હાલત બગડી જાય. આ કારણે આપણે તો વિશ્વ યુધ્ધની વાત છોડો પણ રશિયા અને યુરોપ વચ્ચે કોઈ પણ પ્રકારનો સંઘર્ષ ના થાય એવી પ્રાર્થના કરવી જોઈએ. ■


sanjogpurti@gmail.com

ચક્ષુ-તાંડવઃ ડાબે-જમણે લાડુ અને આંખ ફરકવાનું અખંડ વેદાંત !



માણસ જન્મે ત્યારથી જ સુખની શોધમાં ફાંફા મારતો હોય છે, પણ કાઠિયાવાડના કણ કણમાં એક અનોખી ફિલોસોફી વણાયેલી છે.ગમે તેવી પરિસ્થિતિમાં પણ આપણો હાથ ઉપર જ રહેવો જોઈએ! થોડીવાર પહેલાં હું જમી-કારવીને પલંગમાં આડો પડ્યો, ત્યાં જ અચાનક મારી જમણી આંખે 'ચક્ષુ-તાંડવ' શરૂ કર્યું, એટલે કે આંખ ફરકવા માંડી. સામાન્ય માણસ હોત તો કદાચ ડૉક્ટર પાસે દોડત, પણ આપણા લોહીમાં તો પરંપરા અને સ્માર્ટનેસ વણાયેલાં છે. જમણી આંખ ફરકી એટલે જૂની ટ્રેડિશનલ માન્યતા મુજબ સીધો ધન લાભ જ દેખાય! મનમાં થયું કે આજે તો કુબેરજી ઓનલાઈન ટ્રાન્સફર કરવાના મૂડમાં લાગે છે અને દિવસ એકદમ મજાનો જવાનો છે. આ ઘટનાએ મને સાયકોલોજીના એક બહુ મોટા નિયમ 'ઓપ્ટિમિઝમ બાયસ'ની યાદ અપાવી દીધી, જેમાં માણસ હંમેશાં પોતાની તરફેણમાં જ વિચારે છે. જો ભૂલેચૂકે ડાબી આંખ ફરકી હોત, તો આપણે તરત જ વિજ્ઞાનની ઢાલ આડી ધરી દીધી હોત કે, 'આ તો ભાઈ અપૂરતી ઊંઘ, વધુ પડતો સ્ક્રીન ટાઈમ અને આંખના સ્નાયુઓનું ખેંચાવું છે, બાકી શુકન-અપશુકન જેવું કંઈ હોતું નથી!' આને જ કહેવાય વિજ્ઞાન અને વેદાંતનો પરમ સુમેળ, જેમાં ગમે તે આંખ ફરકે, આપણા બંને હાથમાં લાડુ જ રહેવાના!

આ અદ્ભુત ફિલોસોફી મને સીધી કુરુક્ષેત્રના મેદાનમાં લઈ ગઈ, જ્યાં ભગવાન કૃષ્ણએ અર્જુનને ધર્મસંકટમાંથી ઉગારવા માટે ગીતાજીનું જ્ઞાન આપતાં કહ્યું હતું કે, હે અર્જુન! જો તું યુધ્ધમાં હણાઈશ તો તને સ્વર્ગનું રાજ મળશે અને જો તું જીતીશ તો પૃથ્વી ભોગવીશ, એટલે કે તારા બંને હાથમાં લાડુ છે. બસ, આપણે પણ ડાબી અને જમણી આંખ વચ્ચે એવી જ ગોઠવણ કરી લીધી છે. જમણી આંખ ફરકે તો જ્યોતિષ સાચું અને ધન લાભ પાકો, અને જો ડાબી ફરકે તો મેડિકલ સાયન્સ સાચું! મોજ એવી છે કે જો જ્યોતિન્દ્ર દવે કે વિનોદ ભટ્ટ જેવા હાસ્યસમ્રાટો આજે આપણી વચ્ચે હોત, તો એ આના પરથી નવો સિધ્ધાંત આપત કે જો આંખ ફરકવાથી જ લક્ષ્મીજી પ્રસન્ન થતા હોત, તો શેરબજારના દલાલો રાત્રે સૂતી વખતે આંખમાં તીખું મરચું નાખીને સૂતા હોત જેથી આખી રાત ચક્ષુ-નૃત્ય ચાલુ રહે અને સવારે કરોડો રૂપિયાનો ફાયદો થઈ જાય!



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

અમારા હાઈસ્કૂલના જમાનામાં બોલિવૂડની 'ફૂલ ઔર કાંટે' ફિલ્મનું પેલું સુપરહિટ ગીત બહુ વાગતું: "કુછ આજ હોને વાલા હૈ, મેરી આંખ ફડકતી હૈ... કોઈ જન્નત કી વો હૂર નહીં, મેરે કોલેજ કી એક લડકી હૈ..." એ સમયે અજય દેવગનની જેમ બે બાઈક પર પગ રાખીને સ્ટંટ કરવાના કોડ જાગતા. પરંતુ, હવે સમયનું ચક્ર એવું ફર્યું છે કે આપણે યુવાની વટાવીને બુઢાપા તરફ ગતિ કરી રહ્યા છીએ. માથાના વાળમાં ધોળા કંકુ છંટાઈ ગયા છે, એટલે હવે જો કોઈ કોલેજની લડકી સામે જુએ તો 'કાકા' કહીને નમસ્કાર જ કરે! તેથી જ હવે જો આંખ ફરકે, તો કોઈ કોલેજની છોકરીની આશા રાખવાને બદલે જન્નતની હૂર જ ડાયરેક્ટ સુગર-ફ્રી લાડુ લઈને આવે તો નસીબદાર ગણાઈએ, બાકી કોલેજવાળી વાતમાં હવે દમ રહ્યો નથી.

આંખ ફરકવાનો આવો જ એક ક્લાસિક અને રમુજી કિસ્સો આપણને સુપરહિટ ફિલ્મ 'હેરા ફેરી'માં જોવા મળે છે, જ્યાં બાબુરાવ આપ્ટે (પરેશ રાવલ) ને જ્યારે લોટરી કે કરોડો રૂપિયાની વાત સાંભળવા મળે છે ત્યારે તેની આંખ અચાનક ફરકવા માંડે છે. પછી તો રાજુ અને શ્યામ સાથે મળીને જે ધમાલ મચાવે છે, તે આખી ફિલ્મ જ આંખ ફરકવા અને 'ધન લાભ'ના એ રોંગ નંબરવાળા કનેક્શન પર આધારિત છે. જૂની સાયલન્ટ અને ચાર્લી ચેપ્લિન સ્ટાઈલની ફિલ્મોમાં પણ આવું બહુ થતું, જ્યાં બિચારો હીરો આંખના સ્નાયુ ખેંચાવાના લીધે આંખ પટપટાવતો હોય અને આજુબાજુવાળા એને 'લાઈન મારે છે' એમ સમજીને બરાબરનો ધોઈ નાખતા! આપણી સંસ્કૃતિના મહાકાવ્ય રામાયણમાં પણ આનો ઉલ્લેખ છે, જ્યાં પ્રભુ શ્રી રામ જ્યારે લંકા તરફ ચઢાઈ કરે છે ત્યારે સીતાજીની ડાબી આંખ ફરકે છે જે સ્ત્રી માટે વિજય અને શુભ સંકેત છે, જ્યારે રાવણની ડાબી આંખ ફરકે છે જે પુરુષ માટે વિનાશનું પ્રતીક છે. આ બધી વાતો વચ્ચે સરવાળે એટલું જ સમજાય છે કે મોજમાં રહેવું! હવે બગીચાનું કામકાજ પતાવી, મસ્ત જમી-કરીને આરામથી ઊંઘી જવું છે, કારણ કે આંખ ભલે ગમે તે સંકેત આપે, બપોરની મીઠી ઊંઘથી મોટો બીજો કોઈ ધન લાભ આ દુનિયામાં નથી! ■ naranbaraiya277@gmail.com

૧૫૧ મી સરદાર પટેલની જન્મ જયંતીએ ચિંતન...



ક્રમસદના કર્મયોગી, લાડબાના લાડવાય, ઝવેરભાઈના હીરો, સાક્ષરનગરીના સિંહ પુરુષ સરદાર પટેલની જન્મ જયંતીએ ચરણ વંદના. જ્યારે ભક્તિ રાષ્ટ્રવાદના શ્વાસમાં ભરી જાય ત્યારે ભારતની ભવ્ય અને દિવ્ય ભૂમિમાં વિચક્ષણ રાજપુરુષો જન્મ લે છે.

વિદ્યાર્થી અવસ્થાથી રસ્તામાં નડતા પથ્થરથી શરૂ કરીને દેશની આઝાદીના કાર્યમાં પોતાની ૪૨ વર્ષ સુધી અમૂલ્ય દેશસેવા માટે જેને જીવન સમર્પિત કર્યું છે તેવા લોહ પુરુષ સરદાર પટેલની જન્મજયંતી એ તો સમગ્ર ભારત વર્ષ માટે દિવાળી કહેવાય.

જેમના કેન્દ્ર સ્થાને રાષ્ટ્ર પ્રથમ,રાષ્ટ્ર સર્વોપરી! લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મતિથિ નિમિત્તે ભાવભીની વંદના. સરદાર પટેલે રાષ્ટ્રસેવા માટે કરેલા કાર્યોની ઝાંખીનો આખો ઈતિહાસ છે. સરદાર ન ભૂતો.. ન ભવિષ્યતી.. છે.ખેડા સત્યાગ્રહ (૧૯૧૮)નું નેતૃત્વ કર્યું.દુષ્કાળ સમયે મહેસુલ નહિ ભરવાનો કાયદો હોવા છતાં બ્રિટિશ સરકાર અને કલેકટરો પોતાની મનસુબી પ્રમાણે મહેસુલ ભરાવતા હતા. તેના વિરુધ્ધમાં ખેડા સત્યાગ્રહ સફળ નેતૃત્વ કરી બતાવ્યું.અમદાવાદ મિલ મજૂર આંદોલન (૧૯૧૮)માં ભાગ લીધો.૧૦૫ દિવસ આંદોલન ચાલ્યું મજૂરોને મિલ માલિકો પાસે હક અપાવ્યા.બોરસદ સત્યાગ્રહ (૧૯૨૩)નું નેતૃત્વ કર્યું.વધારાની પોલીસનો ખર્ચ હેડીયાવેરાથી વસુલ કરવાનું બ્રિટિશ સરકારે નક્કી કર્યું.અલિયો અને બાબર જેવા લૂંટારા બહારવટિયાઓને પોલીસ છાવરતી હતી. સરકારે તે વેરો નાબૂદ કરવો પડયો.સરદારનું આયોજન અને અમલીકરણ અસરકારક જોવા મળ્યું.નાગપુર ધ્વજ સત્યાગ્રહ (૧૯૨૩)નું નેતૃત્વ કર્યું. તિરંગો લઈને ફરતા લોકોની ધરપકડ કરતી સરકારને સરદાર પટેલે હચમચાવી નાખી. બારડોલી સત્યાગ્રહ (૧૯૨૮)નું નેતૃત્વ કર્યું. ખેડૂતોનું ૨૨% મહેસુલ વધારાના વિરોધમાં સરદાર પટેલે એવું તો નેતૃત્વ લોકોમાં ઊભું કર્યું કે બ્રિટિશ સરકારે તે કાયદો પાછો ખેંચવો પડ્યો.



સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

બારડોલી સત્યાગ્રહ સરદાર તરીકે ઓળખાયા.

અસહકાર આંદોલનમાં ભાગ લીધો. ગાંધીજીના અંતેવાસી બનીને બ્રિટિશ વસ્તુનો ત્યાગ કરી સ્વદેશી અપનાવવા માટે પ્રયાસ કર્યો. બ્રિટિશરો વેપારી પ્રજા હોવાથી સહકાર આપવો નહીં. અસહકારના આંદોલનથી સ્વદેશી વસ્તુનો પ્રચાર પ્રસાર થયો.સવિનયકાનૂનભંગ આંદોલનમાં ભાગ લીધો. અહિંસક આંદોલન હોવાથી લોકોમાં ધરપકડનો ડર દૂર થયો.ભારત છોડો આંદોલનને સમર્થન આપ્યું.૧૯૪૨ માં ગાંધીજીએ કહ્યું હતું કે આ મારા જીવનની અંતિમ લડત છે. એવા સમયે ટોચના નેતાઓ જેલવાસ હોવા છતાં પ્રજામાં જાગૃતિ આવી હોવાથી આંદોલન શરૂ થયું અને બ્રિટિશ સરકારને ભારતમાંથી ભાગવું પડ્યું.

અમદાવાદ મહાનગર પાલિકામાં પ્રમુખ તરીકે સુધરાઈના રચનાત્મક કાર્યો સાથે વહીવટમાં સુધારા કર્યા.અમદાવાદ શહેરની સ્વચ્છતા, ગટર, સેનેટરી, રીલીફ રોડ, વી. એસ. હોસ્પિટલ,નવી હાઉસિંગ સોસાયટી પ્રીતમનગર,ગૂજરાતવિદ્યાપીઠ,સ્વદેશી શાળાઓ, મહિલાઓ માટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રતિનિધિત્વ,ટિળક બાગના વિકાસમાં યોગદાન આપ્યું.કુદરતી આપતિ સમયે દુષ્કાળ અને પૂર રાહતકાર્યોમાં નેતૃત્વ કર્યું. દેશની આઝાદીમાં ત્રીજા ભાગની જિંદગી જેલવાસ દરમિયાન વ્યતિત કરી. દેશ આઝાદ થાય તે પૂર્વે દેશની અંદર ૫૬૨ દેશી રજવાડાંઓના એકીકરણનું નેતૃત્વ કર્યું.જૂનાગઢનું ભારતમાં વિલીનીકરણ કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.રતુભાઈ અદાણી અને શામળદાસ ગાંધીના નેતૃત્વમાં જૂનાગઢમાં આરઝી હકુમતની મુંબઈમાં રચના કરી સર કર્યું.

હૈદરાબાદના નવાબ નિઝામને પોલો ઓપરેશન અંતર્ગત હૈદરાબાદનું ભારત સંઘમાં જોડાણ કર્યું.અને તેનું વિલીનીકરણ કરવામાં ગુજરાતના કનૈયાલાલ માણેકલાલ મુનશીનું નેતૃત્વ પ્રાપ્ત થયું.ગુજરાતના ભાવનગર રાજ્ય થી સૌપ્રથમ શરૂઆત થઈ અને ૫૫૯ રાજ્ય ભારત સંઘમાં જોડાઈ ગયા.બાકીના ત્રણ રાજ્યોને પણ જોડી દીધા.૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ દેશ આઝાદ થયો. આઝાદ થયા પછી દેશનો રાજકીય નકશો બનાવવાનું ભગીરથ કાર્ય સરદાર પટેલે કર્યું.બંધારણ સભાની સલાહકાર સમિતિના અધ્યક્ષ રહ્યા.૨૯ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું.

જવાહરલાલ નહેરુના વિરોધ વચ્ચે સંસદની અંદર IAS અન IPS જેવી અખિલ ભારતીય સેવાઓને મજબૂત બનાવી અને તે માટેનું બિલ પણ સરદાર પટેલે પાસ કરાવ્યુ હતું એટલે તો ઈન્ડિયન સિવિલ સર્વિસના જનક ગણાય છે. તેમના દેહાંત બાદ ૧૫૦૦ જેટલા સનદી અધિકારીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભારતની અખિલ ભારતીય વહીવટી સેવાઓનો પાયો મજબૂત કર્યો.ગૃહ મંત્રાલયને મજબૂત બનાવ્યું.ભાગલા પછી આંતરિક સુરક્ષા જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. વિસ્થાપિત શરણાર્થીઓના પુનર્વસનમાં સહયોગ આપ્યો.કોમી શાંતિ અને કાયદો-વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં યોગદાન આપ્યું.સોમનાથ મંદિરના પુનર્નિર્માણને સમર્થન આપ્યું. દેશના ૧૫ પ્રાંતમાંથી ૧૩ પ્રાંતના લોકોએ પ્રથમ વડાપ્રધાન બનવા માટે સરદાર પટેલના નામની દરખાસ્ત મૂકી હતી. ગાંધીજીએ સરદાર સાથે અન્યાય કર્યો અને નેહરુ ને વડાપ્રધાન બનાવ્યા. સરદારે હોદ્દા કરતા રાષ્ટ્ર સેવાની પ્રાધાન્ય આપ્યું. ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી બન્યા.

સરદાર સ્પષ્ટ માનતા હતા કે"પોતાના હિત કરતાં રાષ્ટ્રહિતને પ્રથમ સ્થાન આપનાર અને સમગ્ર ભારતને એકતાના તાંતણે બાંધનાર મહાન રાષ્ટ્રપુરુષ એટલે સરદાર વલ્લભભાઈ પટેલ!"

સરદાર સાહેબે એકતા, અખંડિતતા તથા ભાઈચારાથી સમૃધ્ધ ભારતના નિર્માણમાં યોગદાન આપ્યું.ભારતની એકતા અમારું ગૌરવ, રાષ્ટ્રસેવા અમારો ધર્મ અને રાષ્ટ્રહિત અમારો સંકલ્પ!ભારત માતાના લાડલા, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને ૧૫૧મી જન્મતિથિએ શત શત નમન. જય સરદાર. જય પાટીદાર ■ Mo.9825702282

કિડનીમાં પથરી: સમયસર નિદાન, યોગ્ય સારવાર અને હોમિયોપેથીનો વૈજ્ઞાનિક અભિગમ



૧. સોનોગ્રાફી (Ultrasound): પથરી, કિડનીમાં સોજો અથવા પેશાબના પ્રવાહમાં અવરોધ વિશે માહિતી આપે છે.

૨. સીટી સ્કેન (CT Scan): યોગ્ય પરિસ્થિતિમાં પથરીનું કદ, સ્થાન અને અવરોધનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગી છે.

૩. પેશાબની તપાસ: લોહી, ચેપ અને પથરીના જોખમ સાથે સંબંધિત કેટલાક ઘટકોની માહિતી આપે છે.

૪. લોહીની તપાસ: કિડનીની કામગીરી, ચેપ અને જરૂરિયાત મુજબ અન્ય ચયાપચય સંબંધિત પરિબળો તપાસવામાં આવે છે.

૫. પથરીનું વિશ્લેષણ: બહાર નીકળેલી અથવા દૂર કરેલી પથરીનું પરીક્ષણ તેના પ્રકારને ઓળખવામાં મદદ કરે છે.

પથરીનું ચોક્કસ કદ અને સ્થાન જાણ્યા વિના માત્ર લક્ષણો પરથી તેની સારવાર નક્કી કરવી યોગ્ય નથી.

હોમિયોપેથીમાં પથરીના દર્દીનું મૂલ્યાંકન

હોમિયોપેથીના પરંપરાગત સિધ્ધાંતોમાં દર્દીના સમગ્ર લક્ષણસમૂહને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત દવા પસંદ કરવાની પધ્ધતિ વર્ણવવામાં આવી છે. તેમાં દુખાવાનું સ્વરૂપ, દુખાવાનું સ્થાન, કઈ પરિસ્થિતિમાં તકલીફ વધે કે ઘટે, પેશાબની તકલીફો અને દર્દીની અન્ય ફરિયાદોનો અભ્યાસ કરવામાં આવે છે.

હોમિયોપેથીના અભ્યાસમાં નીચેના ખ્યાલોનું મહત્ત્વ સમજાવવામાં આવે છે:

૧. વ્યક્તિગત લક્ષણોનું મૂલ્યાંકન: એકસરખું નિદાન ધરાવતા બે દર્દીઓમાં પણ લક્ષણો અલગ હોઈ શકે છે. પરંપરાગત હોમિયોપેથીમાં આ ભિન્નતાઓને દવા પસંદ કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે.

૨. સંપૂર્ણ કેસ-ટેકિંગ: દુખાવાની શરૂઆત, સમયગાળો, તીવ્રતા, પેશાબની સ્થિતિ, અગાઉ પથરી થઈ હતી કે નહીં, પરિવારનો ઇતિહાસ અને અગાઉની સારવારની માહિતી એકત્રિત કરવામાં આવે છે.

૩. રોગની સ્થિતિનું મૂલ્યાંકન: માત્ર લક્ષણોમાં ઘટાડો થવો પૂરતો નથી. પથરીનું કદ, સ્થાન, પેશાબના પ્રવાહમાં અવરોધ અને કિડનીની કામગીરીનું નિરીક્ષણ જરૂરી છે.

૪. અનુસરણ અને દસ્તાવેજીકરણ: દર્દીની ફરિયાદો, તપાસના અહેવાલો અને અનુસરણ દરમિયાન થયેલા ફેરફારો નોંધવા જોઈએ. પથરી બહાર નીકળી હોવાનો દાવો શક્ય હોય ત્યાં સુધી યોગ્ય તપાસથી સમર્થિત હોવો જોઈએ.

સારવાર પથરીના કદ, સ્થાન, દર્દીનાં લક્ષણો, ચેપ અને કિડનીની કામગીરી પર આધારિત હોય છે.

નાની પથરી કેટલાક દર્દીઓમાં તબીબી દેખરેખ હેઠળ જાતે બહાર નીકળી શકે છે. કેટલીક પરિસ્થિતિઓમાં દુખાવાની દવા અથવા પથરી બહાર નીકળવામાં મદદ કરતી દવા આપવામાં આવે છે. મોટી પથરી, સતત અવરોધ અથવા અસહ્ય દુખાવામાં શૉક-વેવ લિથોટ્રિપ્સી, યુરેટેરોસ્કોપી અથવા અન્ય પ્રક્રિયાઓ જરૂરી બની શકે છે.

જો અવરોધ સાથે ચેપ હોય અથવા પેશાબનો પ્રવાહ બંધ થતો હોય, તો તાત્કાલિક સારવાર અત્યંત જરૂરી બની શકે છે.

પથરીથી બચવા માટે શું કરવું?

- દિવસ દરમિયાન પૂરતું પાણી પીવું; હૃદય કે કિડનીના રોગને કારણે પ્રવાહી મર્યાદિત રાખવાની સલાહ હોય તો ડૉક્ટરની સૂચના અનુસરવી.

- મીઠાનું પ્રમાણ ઘટાડવું.

- ખોરાકમાં સામાન્ય માત્રામાં કેલ્શિયમ જાળવવું; પોતાની રીતે કેલ્શિયમ સંપૂર્ણ બંધ ન કરવું.

- પથરીના પ્રકાર અને વ્યક્તિગત જોખમ અનુસાર ઑક્સાલેટ, પ્રોટીન અને અન્ય ખાદ્ય ઘટકોમાં ફેરફાર કરવો.

- અગાઉ પથરી થઈ હોય તો પથરીનું વિશ્લેષણ અને જરૂરિયાત મુજબ ૨૪ કલાકના પેશાબની તપાસ કરાવવી.

- તબીબી સલાહ વિના હર્બલ અથવા અન્ય કોઈ દવા લઈને પથરી ઓગાળવાનો પ્રયાસ ન કરવો.

નિષ્કર્ષ

કિડનીની પથરી સામાન્ય હોવા છતાં તેને અવગણવી યોગ્ય નથી. સમયસર નિદાન, પથરીના પ્રકાર અને કદનું મૂલ્યાંકન, યોગ્ય તબીબી સારવાર તથા જીવનશૈલીમાં જરૂરી ફેરફારો કિડનીનું સ્વાસ્થ્ય જાળવવામાં મહત્ત્વપૂર્ણ છે.

હોમિયોપેથીના પરંપરાગત સિધ્ધાંતોમાં વ્યક્તિગત લક્ષણોના મૂલ્યાંકન પર ભાર મૂકવામાં આવે છે, તેથી દર્દીના હિતમાં વૈજ્ઞાનિક પુરાવા, યોગ્ય નિદાન અને સમયસર નિષ્ણાંતની સારવારને પ્રાથમિકતા આપવી જોઈએ.


જનજાગૃતિનો સંદેશ: કમરનો તીવ્ર દુખાવો, પેશાબમાં લોહી અથવા તાવ સાથે પેશાબની તકલીફ થાય તો વિલંબ કર્યા વિના તબીબી તપાસ કરાવો. માત્ર સોશિયલ મીડિયા પરની માહિતી કે દવાના નામના આધારે સારવાર ન લો. ■ sanjogpurti@gmail.com



હોમિયોપેથીક

ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા : ડો. નંદિની

પપુડાની બેઠી આવક બંધ થઈ, ઈ મોટું કારણ!



"બનેવીલાલ ,બનેવીલાલ..! આ દિવાળી કોરી કોરી જાહે હોં!!"

બેરાલાલે નમણે હાથ મૂકીને નિહાપો મૂક્યો. જેમ ટાયરમાંથી અચાનક પંકચર થાય અને હવા નીકળી જાય. અ ેમ બેરાલાલ પંકચર વાળા ટાયર જેવાં થઈ ગયાં.

"કેમ,કેમ!? હમણાં તો તમે કે ' તાં તાં કે આ દિવાળી હારી જાહે. દિવાળીની ખરીદી કરી હકાહે. અને આમ અચાનક જ વાજુ ફરી કેમ ગયું? અંબાલાલ કે ' તાં તાં કે નોરતાંમાં વરસાદ આવશે. વરસાદ નો આવ્યો એટલે વાજીંત્ર ફરી ગયું કે શું?"

"ના..રે..ભાઈ ના.!! ખેડૂતોનું વરહ તો ક્યારનું 'ય ફરી જ ગયું છે. હવે બે છાંટા પડે કે નો પડે. હું ફરક પડે!?? "

"તો.. પછી..! આમ અચાનક હરેરી જાવાનું કારણ? "

બનેવીલાલને કારણ જાણવું હતું.

"પપુડાની બેઠી આવક બંધ થઈ, ઈ મોટું કારણ!"

"લો કર લો બાત!! પપુડો વળી કામે જાવા લાગ્યો? કઈ બાજું ' દિ ઊગ્યો?"

"કામે તો ઈ હું જાહે..!! પણ એની એક બેઠી આવક હતી. ઈ હમણાં હમણાં બંધ થઈ ગઈ છે."

"મને કાંઈ હમજણ નો પડી, બેરાલાલ. કામે ગયાં વગરની આવક??"

"બનેવીલાલ, આમ તો કોઈને કે 'વાની સખત મનાઈ છે. છતાં 'ય તમે ઘરનાં જ છો. એટલે તમને કે 'વામાં કોઈ વાંધો નથી. આ ઓલ્યા "કોકરોચ જનતા પાર્ટી" વાળાં આંદોલન નથી કરતાં!! એમાં હાજરી પુરાવવાની અને રોજે- રોજના રૂપિયા રોકડા લઈ લેવાનાં. માર ખાવો પડે તો રૂપિયા વધારે 'ય આવે.

પણ, કોણ જાણે હમણાં હમણાં શું થયું કે.. આંદોલન હકેલાય ગયું હોય એવું લાગે છે. કે પછી થાકી ગયાં હશે!?"

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"બેરાલાલ! ચોરે વાત થાતી 'તી કે, એનાં આકાઓ થાકી ગયાં છે. એટલે હમણાં આરામ કરવા વિદેશમાં ગયાં છે. અને અભણ અમથાલાલ તો એમેય કે 'તા તાં કે.. અંદરખાને મોટું સેટીંગ પડી ગયું છે. એટલે વેકેશનનું બહાનું આગળ ધર્યું છે. પણ, જે હોય તે દાળમાં કંઈક કાળું તો છે જ."

"બનેવીલાલ! મને તો પે..લ્લે થી જ આખીને આખી દાળ જ કાળી લાગે છે. આખરે આંદોલન કરીને એમને કરવું છે હું!?"

"સત્તા પરિવર્તન? આ મોદી કોઈનું માનતાં નથી. રાત ને 'દિ નકરું કામ કામ ને કામ કરે રાખે છે. દેશને મોટો કર્યે રાખે છે. આખરે આપણે 'ય છોકરાં-છૈયા મોટાં કરવાનાં હોય કે નહીં.!!?"

"હં..હં..અ..અ..!! હવે મને સમજાણું કે બાપું હમણાં હમણાં આ ઉંમરે દોડાદોડી કાં કરે છે..! બાપુંને વળી પાછો ખજુરાહો કાંડ કરવો છે??"

"બેરાલાલ, બાપું ખજુરાહો કાંડ કરે કે નો કરે. અને હવે ભા.જ.પ.વાળા એટલાં ભોળાં રહ્યા 'ય નથી. એટલે ખજુરાહો કાંડ તો શું પણ, હાલ તો એકેય કાંડ થાય એમ નથી. અને રહી વાત ખજુરાહોની. તો મને એક વાત યાદ આવી ગઈ."

"ખાતાં વગરનાં (આમ તો ખાધાં વગર કોઈને હાલતું નથી) પણ સરકારમાં ખાતાં વગરનાં કેટલાંક ખાતાં હોય છે. એમાં એક ખાતું છે. "એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા."

આ ખાતું સમયાંતરે ૩૩ જાતનાં સર્વે કરે છે. એમાં દેશનાં દરેકે દરેક એરપોર્ટ શામેલ હોય છે. એમાં છેલ્લે જે સર્વે થયો. એમાં આ તમે જે ઉલ્લેખ કર્યો ઈ ખજુરાહો એરપોર્ટને નંબર આપવામાં આવ્યો."

"હા પણ, આ નંબર હેના માટે આપવામાં આવ્યો?"

"ખજુરાહો એરપોર્ટ આખાં દેશનું એકમાત્ર એવું એરપોર્ટ છે, જ્યાં દરેક મુસાફર સંતુષ્ટ છે. કોઈ મુસાફરને કોઈ જાતની ફરિયાદ નથી. ઉપરાંત પાર્કિંગ,વાઈ - ફાઈ, સ્વચ્છતા અને ફૂડ સ્ટોલ. આ હંધાયમાં નંબર વન ઉપર છે."

અભણ અમથાલાલ ક્યારનાં આ હંધૂય હાંભળી રહ્યા હતાં. હવે એમની ચોટલી ખીલો થઈ.

"હેં..ભાઈ..!! આ સરકાર છે કે સર્કસ!?? "

"હં..હં..અ..! એવું આકરું નો બોલો. ક્યાંક દેશદ્રોહનો કેસ થઈ જાહે. મૂળ વાત હું છે? ઈ કહો.."

"તમારી જાણ ખાતર કહું કે, ખજુરાહોનુ એરપોર્ટ ૧૯૬૦ ના દાયકામાં બન્યું. ૧૯૭૦ ના દાયકામાં પ્રથમ ઉડાન ભરી. અને ધીમે ધીમે ઉડાન ભરતું થયું.

પરંતુ.. કોઈ કારણસર હાલ આ એરપોર્ટ બંધ છે.

ન્યા હાલમાં નથી કોઈ ફ્લાઈટ લેન્ડ થતી કે નથી કોઈ ફ્લાઈટ ટેક ઓફ થતી. હાલે ન્યા કાગડા ઊડે છે.

અને નવેમ્બર ૨૦૨૬ સુધી શરૂ થાય એવાં કોઈ કરતાં કોઈ અણસાર પણ નથી. તમે અને સરકાર હવે મને હમજાવો.. આખાં દેશનું નંબર વન (આ વિભાગમાં) આ એરપોર્ટ કેવી રીતે બની ગયું!?? આપણે માનીએ છીએ કે સરકારમાં ઘણાં બધાં ખાતાં હોય છે,પણ હાવ આમ..!!?? ■

kalubhaibhad123@gmail.com

ઘરે જ બનાવો ટેસ્ટફુલ...નાસ્તા (૨)



ગ્રીન મેથી વડા

- સામગ્રી: ગ્રીન એટલે કે લીલી મેથીના પાન-૩ કપ, કોથમીર સમારેલી-દોઢ કપ, પૌઆ-૧ કપ, ચણાનો લોટ-૧ કપ, દુંગળી-૩ નંગ (જો દુંગળી ના ખાતો હોવ તો સમારેલી કોબીજ-દોઢ કપ લેવી), લીલાં મરચાં ૫-૬ નંગ, આદુનો ટુકડો-૨ ઈંચ, લસણ ૧૦-૧૨ કળી (લસણ ન ખાતાં હો તો ન નાખવું), મીઠું-સ્વાદ મુજબ, હિંગ- અર્ધી ચમચી, હળદર-૧ ચમચી, લાલ મરચું પાવડર-૨ ચમચી, આમચૂર પાવડર-૧ ચમચી, જીરૂ-૧ ચમચી,આખા ધાણા-૧ ચમચી, સફેદ તલ-૨ ચમચી, તેલ-વડાને શેલો ફ્રાઈ કરવા માટે.

- રીત: (૧) મિક્સી કે ખાંડણીમાં લીલા મરચાં, આદુ, આખા ધાણા, જીરુને અધકચરાં વાટી લો. (૨) પૌઆને ૪-૫ પાણીથી ધોઈ લઈ, ૫ મિનિટ નરમ થવા દો. (૨) મેથીના પાનને સરખાં ધોઈને પાણી નિતારી લો. (૩) એક મોટા વાસણમાં પલાળેલા પૌઆ લઈ, તેમાં મેથીના પાનના હાથથી ટુકડા કરીને ઉમેરો. (૩) પછી તેમાં તલ, સ્વાદ મુજબ મીઠું, હિંગ, હળદર, મરચું પાવડર અને આદુ-મરચાં-લસણની પેસ્ટ ઉમેરો. (૪) આ મિશ્રણને હાથ વડે એકસરખું મિક્સ કરો, એમાંથી પાણી છૂટશે. (૫) હવે તેમાં ચણાનો લોટ ભેળવીને બરાબર મિક્સ કરો. જો મિશ્રણ ઢીલું લાગે તો તેમાં ચોખાનો કે ચણાનો લોટ ઉમેરી શકાય. આ મિશ્રણનો લોટ રોટલીના લોટ કરતાં થોડો ઢીલો એટલે કે વડા બને તેવો રાખવો. (૬) મિશ્રણમાંથી હાથથી ચપટાં વડા બનાવી લો. બધાં વડા એકસાથે બનાવી લો. (૭) એક ફ્રાઈ પેનમાં કે પહોળી કઢાઈમાં તેલ મૂકી તેને ગેસ પર ગરમ કરવા મૂકો. તેમાં વડા ગોઠવી ગેસની આંચ મધ્યમ રાખો. વડા બંને બાજુથી ગોલ્ડન રંગના ક્રિસ્પી થાય તે રીતે શેલો ફ્રાઈ કરો. (૮) આ વડાને લીલી ચટણી, ટોમેટો કેચ-અપ કે પછી ચા સાથે માણો..

વેજીટેબલ રવા બન્સ

- સામગ્રી: રવો-૩૦૦ ગ્રામ, દહીં-૫૦૦ ગ્રામ, બાફેલા લીલા વટાણા-૪૦૦ ગ્રામ, નાળિયેરનું ખમણ-૩૦૦ ગ્રામ, કિસમિસ-૩૫ ગ્રામ, કાજુ-૪૦ ગ્રામ, લીલાં મરચાં-૮-૧૦ નંગ, આદુ-૨ ઈંચ ટુકડો, કોથમીર સમારેલી-૩ કપ, મીઠું-સ્વાદાનુસાર, સોડા-૧ નાની ચમચી અને ૧ નાની ચમચી, તેલ-જરૂર પૂરતું, ખાંડ-૨ ચમચી

- વઘાર માટે: રાઈ-૧ ચમચી, સફેદ તલ-૨ ચમચી, મીઠો લીમડો-૮-૧૦ પાન, તેલ-૨ ચમચી

- રીત: (૧) રવામાં મીઠું, દહીં, ખાંડ નાખી થોડું નવશેકું પાણી મેળવીને ખીરું બનાવી લો. (૨) આ ખીરુંને પાંચ-સાત કલાક માટે ઢાંકીને રહેવા દો. (૩) ત્યારબાદ તેમાં બાફેલા લીલા વટાણા, નાળિયેરનું ખમણ, કિસમિસ, કાજુ ટુકડા, ધોઈને સમારેલી કોથમીર ભેળવી દો.(તમને ભાવતાં અન્ય શાકભાજી પણ ઉમેરી શકો છો) તેમજ આદુ ઝીણું સમારીને કે ખમણીને ઉમેરો. લીલાં મરચાંના નાના ટુકડા કરીને નાખો. નાની સ્ટીલની ૫-૬ વાટકી લઈ તેમાં તેલ લગાડી રાખો. એક તપેલામાં પાણી ગરમ કરવા મૂકો. તેમાં સ્ટેન્ડ મૂકી ઉપર ચાળણી મૂકી દો. (૪) હવે ખીરામાં બેકિંગ પાઉડર, સોડા, ૨ ચમચી તેલનું મોણ નાખી એકસરખું ૧૫-૨૦ સેકન્ડ હલાવી ખીરું દરેક વાટકીમાં અડધે સુધી ભરી દો. ખીરું ભરેલી વાટકીઓ ચાળણીમાં ગોઠવી વાસણને ઢાંકી દો અને ૧૫-૧૭ મિનિટ બફાવા દો. ૧૫ મિનિટ બાદ વાટકીમાં ખીરું બરાબર ફૂલીને ખીલી જાય એટલે ગેસ બંધ કરી વાસણ ઉતારી લો. (૫) વાટકીઓ બહાર કાઢી ઠંડી થાય એટલે ચપ્પૂથી આજુબાજુની કિનારી ઉખેડી વાટકી ઉંધી પાડો, એટલે તૈયાર થયેલા બન્સ બહાર નીકળી જશે. (૬) એક ફ્રાઈ પેનમાં તેલ ગરમ કરી તેમાં રાઈ તતડાવી, મીઠો લીમડો નાખી ઉપર તલ નાખો. તેલમાં તલ હળવેથી નાખો અને ત્યારબાદ રવા બન્સ તેમાં ગોઠવીને શેલો ફ્રાય કરી લો. તૈયાર થયેલા બન્સને ટોમેટો કેચઅપ સાથે પીરસો.

- સાબુદાણાની કટલેસ

- સામગ્રી: બાફેલા બટાકા-૬ નંગ, સાબુદાણા-૨ કપ, રાજગરાનો લોટ-૫ ચમચી, આદુ-મરચાંની પેસ્ટ-૪ ચમચી, કોપરાનું ખમણ-૪ ચમચી, શેકેલા શિંગદાણા-૬ ચમચી, બુરું ખાંડ, લીંબુનો રસ-૨ ચમચી, સિંધવ મીઠું-સ્વાદ મુજબ, સમારેલી કોથમીર.

- રીત: (૧) સાબુદાણાને ૧૫-૨૦ મિનિટ પાણીમાં પલાળી રાખો. ત્યારબાદ પાણી નિતારી લો.(૨) શેકેલા શિંગદાણાનો ભૂકો કરી લો.(૩) બાફેલા બટાકાનો માવો લઈ તેમાં શિંગદાણાનો ભૂકો અને પલાળેલા સાબુદાણા ભેળવી દો. પછી તેમાં કોપરાનું ખમણ,આદુ-મરચાંની પેસ્ટ, કોથમીર, લીંબુનો રસ ઉમેરો. (૪) કટલેસ બનાવવાના બીબાંમાં કટલેસનું પૂરણ ભરીને કટલેસ તૈયાર કરી દો. પછી તેને રાજગરાના લોટમાં રગદોળીને શેલો ફ્રાય કરી લો. (૫) આ કટલેસને કોથમીર, શિંગદાણા, આદુ-મરચાં અને સિંધવ મીઠું નાખીને બનાવેલી લીલી ચટણી સાથે પીરસો.

- ફરાળી અપ્પે

- સામગ્રી: શિંગોડાનો લોટ-૫ ચમચી, મોરૈયો (સામો)-૧૫૦ ગ્રામ, આદુ-મરચાંની પેસ્ટ-૨ ચમચી, છીણેલી દૂધી-૧૫૦ ગ્રામ, ખાવાનો સોડા-૨ ચપટી, શેકેલા શિંગદાણા-૨ ચમચી, જીરૂ, તલ, કાજુના ટુકડા, સિંધવ મીઠું સ્વાદ મુજબ, સુરણ બાફેલું-૧૫૦ ગ્રામ, બટાકા બાફેલા-૧૫૦ ગ્રામ, કાકડીની છીણ-૨ ચમચી, કોથમીર સમારેલી-૩ ચમચી, તલ-૧ ચમચી, વઘારેલું દહીં-દોઢ વાટકી, સિંધવ મીઠું, જીરૂ-૨ ચમચી.

- રીત: (૧) સામો લઈ તેને ૨-૩ પાણીથી ધોઈ ત્રણ કલાક માટે પલાળી રાખો. (૨) ત્યારબાદ તેને મિક્સીમાં અધકચરો કશ કરી લો. (૩) બાફેલા સુરણ તથા બટાકાનો છૂંદો કરી લો. શેકેલા શિંગદાણાને અધકચરા વાટી લો.(૪) હવે તેમાં શિંગોડાનો લોટ થોડો શેકીને ઉમેરો. શેકેલા અધકચરા શિંગદાણા, જીરુ, તલ, કાજુના ટુકડા, બાફેલા સૂરણ-બટાકા તથા દૂધી અને કાકડીની છીણ બધું સામામાં ઉમેરો. કોથમીર, આદુ-મરચાંની પેસ્ટ, સિંધવ નમક, ખાવાનો સોડા નાખી મિક્ષ કરો. હવે અપ્પે કઢાઈ લો. તેના દરકે ખાનાને ૧-૨ ટીપાં તેલથી ગ્રીસ કરી દો, ગેસ પર ગરમ કરવા મૂકો ૨ મિનિટ બાદ તેમાં ફરાળી મિશ્રણ ચમચીથી દરેક ખાનામાં રેડો. ત્યારબાદ ઢાંકી દો. (૫) ૨-૩ મિનિટ બાદ કઢાઈનું ઢાંકણું ખોલીને અપ્પેને ઉથલાવો. પછી બીજી ૨-૩ મિનિટમાં અપ્પે તૈયાર થઈ જશે. (૬) એક બાઉલમાં દહીંમાં થોડું સિંધવ મીઠું તથા સાકર નાખી રવઈથી વલોવી નાખો.(૭) વઘારિયામાં તેલ મૂકી તેને ગેસ પર ગરમ કરવા મૂકો. તેલ ગરમ થાય એટલે જીરૂ તતડાવી, મીઠો લીમડો નાખી આ વઘારને દહીં પર રેડી દો. (૮) અપ્પેને વઘારેલા દહીં કે કોથમીર-શિંગદાણાની લીલી ચટણી સાથે પીરસો. ■

sanjogpurti@gmail.com

વાનગી વૈભવ
નિરાલી પંચાલ

કીટુને મળી ખાંડ!



કીટુ નામની એક નાનકડી કીડી હતી. કીટુ બહુ જ નટખટ હતી. આખો દિવસ અહીંથી ત્યાં દોડાદોડ કરે અને નવી નવી વસ્તુઓ શોધ્યા કરે!

એક દિવસ કીટુ ખોરાકની શોધમાં નીકળી.

ચાલતાં ચાલતાં તે ગાવા લાગી,

"હું છું નાની કીડી, ખાંડ શોધું મીઠી!"

અચાનક કીટુની નજર જમીન પર પડી. અરે વાહ! ત્યાં તો સફેદ સફેદ ખાંડના દાણા પડ્યા હતા!

કીટુ તો ખુશ થઈને કૂદવા લાગી.

"વાહ! વાહ! આજે તો મજા પડી ગઈ! આટલી બધી ખાંડ! હવે તો મીઠાઈની દુકાન ખોલી દઉં!"

કીટુએ એક દાણો ઉપાડ્યો અને ખાવા લાગી.

"વાહ! કેટલી મીઠી! એક ખાઉં, બે ખાઉં કે દસ ખાઉં?"

એટલામાં તેના પેટમાંથી અવાજ આવ્યો, "ગુડગુડગુડ!"

કીટુ બોલી, "અરે પેટુભાઈ, જરા ધીરજ રાખો ને! હજી તો પાર્ટી શરૂ થઈ છે!"

પણ ખાંડના દાણા એટલા મોટા હતા કે કીટુ એકલી તેને લઈ જઈ શકે તેમ નહોતી.

તે દાણાને ધક્કો મારતી હતી.

"હે... હે... હે... ચાલ ખાંડના દાણા, ચાલ!"

પણ દાણો જરાય ન હલ્યો કે ખસ્યો.

કીટુએ ફરી જોર લગાવ્યું.

"એક... બે... ત્રણ... હઈઈઈસો!"

ધડામ!

કીટુ પડી ગઈ.

"અરેરે! આ ખાંડનો દાણો તો પહેલવાન નીકળ્યો!"

કીટુએ તરત જ પોતાના મિત્રોને બોલાવ્યા. ટપુ કીડી, મીનુ કીડી અને પિન્ટુ કીડી દોડતાં આવ્યાં.

ટપુ બોલ્યો, "શું થયું કીટુ? તું આમ થાકીને કેમ બેઠી છે?"

કીટુ બોલી, "મિત્રો, જુઓ તો ખરા! મને આ ખાંડનો મોટો દાણો મળ્યો છે. પણ એ તો હલતો જ નથી!"

મીનુ હસીને બોલી, "અરે કીટુ! તું એકલી શું કામ મહેનત કરે છે? આપણે બધા સાથે મળીને પ્રયત્ન કરીએ, ચાલ!"

રે વાર્તા!
મનીષ સુથાર

બધા મિત્રોએ દાણાને ધક્કો માર્યો.

"એક... બે... ત્રણ... જોર લગાવો!"

દાણો થોડો આગળ ખસ્યો.

"વાહ! ફરીથી!"

બધાએ ફરી ધક્કો માર્યો. ખાંડનો દાણો ગબડવા લાગ્યો.

હવે બધાએ મળીને ખાંડના નાના નાના ટુકડા કર્યા અને પોતાના ઘરમાં લઈ જવા લાગ્યાં.

બધાંએ મીઠી મીઠી ખાંડ ખાધી ને ખડખડાટ હસી પડ્યાં. ■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

ICAના ગ્લોબલ ડીરેક્ટર તરીકે ચૂંટાવા બદલ ગાંધીનગર ખાતે

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં 'દિલીપ સંઘાણીનો અભિવાદન કાર્યક્રમ' યોજાયો

અમરેલી, ૦૩

ભારતીય સહકાર ચળવળના અગ્રણી અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી ઈન્ટરનેશનલ કો–ઓપરેટીવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ ડીરેક્ટર તરીકે ચૂંટાયા છે. આ સિદ્ધિને વધાવવા માટે ગાંધીનગર ખાતે 'દિલીપ સંઘાણી સન્માન અભિવાદન કાર્યક્રમ' યોજાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અને ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં આ ભવ્ય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, નરહરિભાઈ અમીન, પૂર્વમંત્રી વલ્લભભાઈ કાકડીયા તથા પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે દિલીપભાઈ સંઘાણીની ICAના ગ્લોબલ ડીરેક્ટર તરીકેની ચૂંટણીથી



દેશની સફળ સહકારી પ્રવૃત્તિને વૈશ્વિક મંચ પર સ્થાન મળ્યું છે અને ભારતની સહકારિતાનું દર્શન વિશ્વને થયું છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે અનુકૂળ વાતાવરણ નિર્માણ પામ્યું છે, જેના પરિણામે આજે ભારતીય નેતૃત્વને આંતરરાષ્ટ્રીય મંચ પર આવી ઐતિહાસિક સફળતાઓ મળી રહી છે.મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે વર્ષ ૧૯૭૮ થી ૨૦૨૬ સુધીની દિલીપભાઈ સંઘાણીની પાંચ દાયકા લાંબી સમાજ અને સહકાર ક્ષેત્રની સમર્પિત સેવાયાત્રા પ્રશંસનીય છે. તેમણે આ સેવાયાત્રાને બિરદાવી હતી. સંયુક્ત પરિવારની 'વસુદેવ કુટુમ્બકમ'ની પ્રાચીન ભારતીય ભાવનાની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે આ ભાવના સહકારી ક્ષેત્રના મૂળમાં રહેલી છે.મુખ્યમંત્રીએ કહ્યું કે છેલ્લા ચાર વર્ષમાં ઈફકો દ્વારા નોંધપાત્ર અને અભૂતપૂર્વ પ્રગતિ તથા સફળતા હાંસલ કરવામાં આવી છે. આ સફળતા દિલીપભાઈની કાર્યકુશળતા અને ઉત્કૃષ્ટ વહીવટી ક્ષમતાનું પ્રત્યક્ષ પરિણામ છે. તેમણે ઉમેર્યું કે આ સિદ્ધિ તમામ ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે.ઉપસ્થિત મહાનુભાવો અને સહકારી ક્ષેત્રના આગેવાનોએ પણ દિલીપભાઈ સંઘાણીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ તેમના માર્ગદર્શન હેઠળ સહકારી ચળવળ વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દિલીપ સંઘાણીની સિદ્ધિ સમગ્ર ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમરેલી માર્કેટયાર્ડમાં દિવાળી પર્વની રજાઓ જાહેર કરાઈ

અમરેલી,તા.૦૩

તા. ૬ થી ૧૩ નવેમ્બર સુધી તમામ કામકાજ બંધ; ૧૪ નવેમ્બરે લાભ પાંચમથી ફરી શરૂ થશે

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી દ્વારા આગામી દિવાળી પર્વ નિમિત્તે તા. ૬ નવેમ્બર ૨૦૨૬, શુક્રવારથી તા. ૧૩ નવેમ્બર ૨૦૨૬, શુક્રવાર સુધી રજા જાહેર કરવામાં આવી છે.

આ દરમિયાન અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે. તા. ૧૪ નવેમ્બર ૨૦૨૬, શનિવાર (લાભ પાંચમ)થી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે. તે દિવસે લાલ સૂકા મરચાની હરરાજી પણ કરવામાં આવશે. તેથી તમામ જણસીઓની આવકને તા. ૧૩ નવેમ્બર, શુક્રવારના રોજ પ્રવેશ મળશે. સંબંધિત તમામ ખેડૂતો, વેપારીઓ અને લાગતા-વળગતાઓએ આ બાબતની નોંધ લેવા જણાવાયું છે.

લીલીયા મોટા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે જીવનભાઈ વોરાએ ફરી સંભાળ્યો ચાર્જ

લીલીયા,તા.૦૩



લીલીયા મોટા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરાએ ફરી સરપંચ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. ગટર, ઉછીના નાણાં, જાહેરાતનાં હોર્ડિંગના વેરા અને રજા ચિઠ્ઠી સહિતના મુદ્દાઓને લઈને જિલ્લા વિકાસ અધિકારીએ ૧૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ તેમને સસ્પેન્ડ કર્યા હતા. આ નિર્ણય સામે જીવનભાઈ વોરાએ કાયદાકીય લડત શરૂ કરી હતી. વિકાસ કમિશનર અને ત્યારબાદ હાઈકોર્ટમાં કેસ લડ્યા બાદ ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ચુકાદો તેમના પક્ષમાં આવ્યો હતો. જોકે, હુકમનો અમલ ન થતાં તેમણે ૨ નવેમ્બરે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. ત્યારબાદ સાંજે ૬:૩૦ વાગ્યે તેમને સરપંચ તરીકેનો હુકમ આપવામાં આવ્યો હતો. મંગળવારે ૩ નવેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે તેમણે ફરી ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલિયાએ ફૂલહાર પહેરાવી મોં મીઠું કરાવી તેમનું સ્વાગત કર્યું હતું. ગ્રામ પંચાયતના સભ્યો અને શુભેચ્છકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

બાબરા વિસ્તારમાં ખેતીવાડી વીજ પુરવઠો પૂરતો ન મળતાં ખેડૂતોની મુશ્કેલી વધી


અમરેલી,તા.૦૩

બાબરા વિસ્તારમાં ખેતીવાડી માટે પૂરતો વીજ પુરવઠો ન મળતાં ખેડૂતોની મુશ્કેલી વધી છે. ખેડૂતોને આઠ કલાક વીજળી આપવાના બદલે બે કલાક પણ પૂરતો વીજ પુરવઠો મળતો નથી. હાલમાં પાણીની અછતને કારણે આશરે ૧૦ ટકા જેટલી ખેતીવાડીનો વપરાશ છે. જે ખેડૂતો પાસે પાણીની સુવિધા છે તેમણે શિયાળુ વાવેતર અને પિયત કર્યું છે, પરંતુ વીજળીના અભાવે પાક બચાવવો મુશ્કેલ બન્યો છે. સરકાર ખેડૂતોની વેદના સમજી ખેતીવાડી ફીડરો ચાલુ રાખે અને જરૂરિયાત મુજબ વીજળી આપે તેવી માગણી ઉઠી છે. ખેતી જીવંત રહેશે તો ખેડૂતોનું ગુજરાન ચાલશે અને ખેતમજૂરોને પણ રોજગારી મળશે. માત્ર ખેતીપ્રધાન દેશ કહેવાને બદલે ખેતીને જરૂરી સુવિધાઓ આપવી જરૂરી છે.

કોડીનાર ધર્માંતરણ કેસમાં પોલીસે વધુ ત્રણ આરોપીઓની કરી ધરપકડ

કોડીનાર,તા.૦૩

કોડીનાર શહેરના બિલેશ્વર સોસાયટી વિસ્તારમાં બે સગીરાઓના ધર્માંતરણના ચકચારી પ્રકરણમાં ગીર સોમનાથ પોલીસે વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. તાલીબ હુસેન, હુસેન શેખ અને નાઝીમ અલી સૈયદની સંડોવણી સામે આવતાં તેમને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આ ગંભીર કેસની તપાસ માટે પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા SITની રચના કરવામાં આવી છે.તા. ૨૪/૧૦/૨૦૨૬ના રોજ એક સગીરાની માતાએ પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન બીજી સગીરા પણ ગુમ હોવાનું સામે આવ્યું હતું. પોલીસને બંને



સગીરાઓ મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના ઉનાવા ખાતે હોવાની માહિતી મળતાં સ્થાનિક પોલીસની મદદથી તેમને સુરક્ષિત શોધી કાઢવામાં આવી હતી. તપાસમાં સગીરાઓને લલચાવી ધર્મ પરિવર્તન કરાવવા દબાણ કરાયું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ અને પોક્સો હેઠળ ગુનો નોંધાયો છે. અન્ય સંડોવાયેલા લોકોની તપાસ સાથે મેડિકલ તપાસ સહિતની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

પોલીસે ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યું

જાફરાબાદ,તા.૦૩

જાફરાબાદમાં દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ટાઉન પોલીસ દ્વારા શહેરના મુખ્ય વિસ્તારોમાં પગપાળા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ નાગરિકો શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં ઉજવણી કરી શકે તે હેતુથી પોલીસ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.



અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને નાયબ પોલીસ અધિક્ષકની સૂચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે શહેરના સંવેદનશીલ અને ભીડભાડવાળા વિસ્તારોમાં ફરી સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરી હતી. આ દરમિયાન ગિરિરાજ ચોક, તુર્કી મહોલ્લો, બંદર ચોક તેમજ મુખ્ય બજારમાં પોલીસ દ્વારા પગપાળા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. દિવાળીના તહેવાર દરમિયાન ખરીદી માટે બજારોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને નાગરિકો નિર્ભયતાથી ખરીદી કરી શકે તે માટે પોલીસે સઘન તકેદારી રાખી છે.

હોસ્ટેલ ભાડે આપવાની છે.

૧. ગ્રાઉન્ડ ફ્લોર/બે નાના રૂમ/બે મોટા રૂમ/ઓફિસ/હોલ/ કિચન/ બે સ્ટોર રૂમ/ નાના રૂમમાં ચાર સ્ટુડન્ટ /મોટા રૂમમાં છ સ્ટુડન્ટ/બધા રૂમ એટેચ બાથરૂમ/ ઓફિસમાં ટેબલ ખુરશી છે/ ગ્રાઉન્ડમાં મીઠા પાણીનો ટાંકો છે મોટર પણ છે/બોરિંગ પણ છે એમાં પણ મોટર મૂકેલી છે
૨. પહેલો માળ/ ચાર મોટા રૂમ/ચાર નાના રૂમ એટેચ બાથરૂમ
૩. બીજો માળ/ચાર મોટા રૂમ/ચાર નાના રૂમ એટેચ બાથરૂમ/ બે એક્સ્ટ્રા ટોયલેટ બાથરૂમ અને ચોકડી
૪. ત્રીજા માળમાં આગાસી ચોકડી અને બે ટોયલેટ બાથરૂમ બે ૫૦૦ લીટર ના સોલાર છે. પીવાના પાણીનું કુલર છે. બધા માળમાં ફિલ્ટર નું પાણી આવે તેવી વ્યવસ્થા છે
૫. દરેક રૂમમાં માળિયામાં અલગ અલગ સ્ટુડન્ટ વાઈઝ કબાટ છે અને દરેક રૂમના એક એક ટેબલ છે.

સ્થળ : શુભલક્ષ્મી નગર, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. ૯૯૧૩૨ ૪૧૧૮૧

અમરેલીમાં નીલકંઠ જ્વેલર્સનું રિયલ ડાયમંડ જ્વેલરી પ્રદર્શન યોજાયું

ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરિયાએ શુભારંભ કરાવ્યો

અમરેલી,તા.૦૩

અમરેલી પંથકના ગ્રાહકોમાં જાણીતા અને વિશ્વાસપાત્ર નીલકંઠ જ્વેલર્સ દ્વારા ગત ૧ નવેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ 'એક્સક્લુઝિવ રિયલ ડાયમંડ જ્વેલરી એક્ઝિબિશન'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું





હતું. ગ્રાહકોને વાજબી દરે શ્રેષ્ઠ આભૂષણો મળી રહે તે હેતુથી ઘડતર (મજૂરી) ચાર્જ પર ૫૦ ટકા વળતર જાહેર કરાયું હતું.

ગુજરાત રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોલિયા સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને પ્રદર્શનનો શુભારંભ કરાવ્યો હતો. વિવિધ સામાજિક સંસ્થાઓ, લાયન્સ તથા રોટરી ક્લબના પ્રતિનિધિઓ, વેપારી આગેવાનો, ડૉક્ટરો અને વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

સંચાલક કેતનભાઈ ધોળકીયાએ જણાવ્યું કે છેલ્લા ૩૮ વર્ષથી ગ્રાહકોનો વિશ્વાસ જીતતા આવ્યા છે અને શુધ્ધતા તથા પ્રામાણિકતાની પરંપરા જાળવી રાખશે. સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટ્યા હતા.

:: અસલ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે લીલીયા રોડ રસ્તે આવેલ રેવન્યુ સર્વે નંબર ૩૨૦ પૈકી, ૩૨૧ પૈકી, સીટી સર્વે નંબર એનએ ૩૨૦ પૈકી ૩૨૧ પૈકી / ૨૮, પ્લોટ નં. ૨૮ ની કુલ ૧૮૦-૦૦ ચો. મી. વાળી મીલકત દેવેન્દ્રભાઈ જીવનભાઈ સરવૈયા રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૫૦, તા. ૧૨/૭/૧૯૯૩ કે જે ધીરૂભાઈ પોપટભાઈ કોલડીયા તથા ઘનજીભાઈ નરસિંહભાઈ કોલડીયાની તરફેણનો છે તે અસલ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક-હીત સંબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન -૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અજય જે. રાઠોડ,
એડવોકેટ,
જુના માર્કેટયાર્ડ,પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે,અમરેલી.
મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-કુંતાણા ગામે ખેડુત ખાતા નં-૯૧૩ ની ખેતીના માલીક શ્રીમતી વંદનબેન ઠાકરશીભાઈ તાવેથીયા ના સ્વતંત્ર નામે (૧) સ.નં-૧૫૭/પૈકી ૨, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૨૧-૪૧, આકાર-૭.૦૦ તથા (૨) સ.નં-૧૫૭બ પૈકી ૯, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૨૧-૪૧, આકાર-૭.૦૦ વાળી ખેતીની જુની શરતની જમીનો આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં શ્રી ખારા સેવા સહકારી મંડળી લી.નો રૂા.૨૦,૦૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૩/૧૧/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા (બી.એ.એલ.એલ.બી.એડવોકેટ) સરનામુ – મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલી ના અમો અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના મોજે ગામ શેઢાવદર ના રેવન્યુ સર્વે નં. ૫૪ / ૧ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૦૭-૨૪ તથા રેવન્યુ સર્વે નં. ૫૪ / ૨ પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૧-૮૬-૧૬ ખેતીની જમીન કે જે જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૪૧૫ થી અમો શ્રી રમણીકભાઈ નરશીભાઈ વેકરીયાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. તથા રેવન્યુ સર્વે નં. ૫૪ / ૨ ની હે.આરે.ચો.મી. ૦-૬૨-૭૨ ખેતીની જમીન કે જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૪૧૯ થી અમો શ્રી મુકેશભાઈ ઠાકરશીભાઈ ગેડીયાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વરસાઈ હકક કે ભરણ પોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ- આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહિત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી.....

સ્થળ :- લાઠી
તારીખ :- ૦૪/૧૧/૨૦૨૬

હરેશ કે. કોટડીયા (એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું. લાઠી તા. લાઠી જી. અમરેલી

ડી-ગેંગના સાગરીત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા સલીમ ડોલાની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ

અમદાવાદ,તા.૦૩



ગુજરાત એટીએસ (ATS)ને એક મોટી સફળતા મળી છે. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરીત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર સલીમ ઈસ્માઈલ ડોલાની કસ્ટડી મેળવવામાં એટીએસ સફળ રહી છે.

વર્ષ ૨૦૨૨માં વડોદરાના સિંધરોટ ગામ ખાતે આવેલી ફેક્ટરીમાંથી ૮૭.૭૨૮ કિલોગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. ૪૩૮.૬૪ કરોડ આંકવામાં આવી હતી. આ કેસમાં સલીમ ડોલા લાંબા સમયથી ફરાર હતો અને વિદેશથી નેટવર્ક ચલાવતો હતો.

ગુજરાત એટીએસની વિનંતીથી ઈન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. કાયદાકીય પ્રક્રિયા બાદ એટીએસે તેની ધરપકડ કરી કસ્ટડી મેળવી છે. આ ધરપકડથી ડી-ગેંગના ભારતમાં સક્રિય ડ્રગ નેટવર્ક, હવાલા ટ્રાન્સફર અને ફાઇનાન્સર્સ અંગેના મહત્વના ખુલાસા થવાની સંભાવના છે.

ગાડીના કબજા અને રૂ. ૬૦ હજારની નાણાકીય લેતીદેતીના વિવાદમાં

લીલીયાના ગુંદરણ ગામની સીમમાં તુફાન ગાડીમાં સુતેલા સગીર સહિત બે લોકોની હત્યા



અમરેલી,તા.૦૩

લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં ૨ નવેમ્બરની મોડી રાત્રે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. વાડીમાં પાર્ક કરેલી તુફાન પેસેન્જર ગાડીમાં અજાણ્યા શખ્સોએ આગ ચાંપી દેતાં ગાડીની અંદર સૂતેલા એક સગીર સહિત બે યુવકોનાં અડધા બળેલા મૃતદેહ મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં ગાડીના કબજા અને નાણાકીય લેતીદેતીના વિવાદમાં આ ડબલ મર્ડર કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપી સહિત બે શખ્સોને રાઉન્ડઅપ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં આવેલી અશ્વિનભાઈ જીવરાજભાઈ કાછડિયાની વાડીમાં આ બનાવ બન્યો હતો. વાડીનું સંચાલન તેમના ભાઈ સુરેશ પટેલ દ્વારા કરવામાં આવે છે અને ત્યાં ભાગીયા રાખીને ખેતીકામ કરાવવામાં આવે છે. છેલ્લા આશરે ચાર મહિનાથી મધ્યપ્રદેશના શ્રમિક પરિવારના સભ્યો આ વાડીમાં રહીને ખેતીકામ કરતા હતા. વાડીમાં ભાગીયા પરિવારની તુફાન પેસેન્જર ગાડી પાર્ક કરવામાં આવી હતી, જેમાં રાત્રિના સમયે બે યુવકો સૂતા હતા.આ અંગે વાડી માલિકના સંબંધી રમેશ વાલજીભાઈ કાછડિયાના જણાવ્યા મુજબ, ૨ નવેમ્બરની મોડી રાત્રે આશરે ૧:૨૦ વાગ્યાના અરસામાં તેમના ફુઆનો ફોન આવ્યો હતો. તેમણે જાણ કરી હતી કે વાડીમાં ભાગીયાની તુફાન ગાડી સળગાવી દેવામાં આવી છે અને ગાડીની અંદર સૂતેલા બે યુવકો આગની ઝપેટમાં આવી જતાં તેમનાં મોત નીપજ્યાં છે. આ સમાચાર મળતાં જ પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.બીજી તરફ, પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે રાત્રે આશરે ૧૧ વાગ્યા સુધી તેઓ જાગતા હતા અને ત્યારબાદ સૂઈ ગયા હતા. તેમનો પુત્ર રવિ અને તેમની બહેનનો દિયર નીતિન ગાડીમાં સૂતા હતા. દરમિયાન રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યા બાદ અચાનક ધડાકા જેવો અવાજ સંભળાતાં તેઓ જાગી ગયા હતા. બહાર આવીને જોતાં તુફાન ગાડીમાં આગ લાગી હોવાનું જણાયું હતું. પરિવારજનોએ પૈસાની લેવડદેવડ અને ગાડી પોતાના કબજામાં રાખવાના વિવાદને લઈને વિનોદ નામના શખ્સે ગાડીને આગ લગાવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

લીલીયા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી

ઘટનાની જાણ થતાં જ લીલીયા પોલીસ સ્ટેશનનો કાફલો અને એફ. એસ.એલ.ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આગની ઘટનાની તપાસ હાથ ધરી હતી અને ગાડીમાંથી મળી આવેલા બંને મૃતદેહની ઓળખ કરવાની કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન મૃતકોની ઓળખ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કાઠીવાડા તાલુકાના ફળિયા ગામના વતની તરીકે થઈ હતી. જેમાં રવિ કમલેશભાઈ બઘેલ (ઉંમર વર્ષ ૧૬) અને નીતિન રામસિંગ પચાયા (ઉંમર વર્ષ ૨૧)નો સમાવેશ થાય છે. એક સગીર અને એક યુવાનનું આ રીતે કરુણ મોત થતાં શ્રમિક પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

તુફાન ગાડી બાબતે નાણાકિય વિવાદ હત્યાનું કારણ

આ ડબલ મર્ડર અંગે ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ફરિયાદી કમલેશ બઘેલ અને આરોપીઓ વચ્ચે તુફાન ગાડી તથા નાણાકીય લેતીદેતી બાબતે વિવાદ ચાલી રહ્યો હતો. આરોપી વિનોદ વરસીંગભાઈ ડોડીયારે રીતેશસિંહ નામના વ્યક્તિ પાસેથી હપ્તેથી તુફાન ગાડી ખરીદી હતી. જોકે, સમયસર હપ્તાની રકમ ભરવામાં આવી ન હોવાથી ગાડીના મૂળ માલિક રીતેશસિંહે પોતાના મિત્ર કમલેશ બઘેલને ગાડીનો કબજો લેવા જણાવ્યું હતું. ગાડી પેટે આશરે રૂ. ૬૦ હજારની રકમ ચૂકવવાની બાકી હતી. આથી દસ દિવસ અગાઉ કમલેશ બઘેલે ગાડી પોતાના કબજામાં રાખી હતી.

બે આરોપીની પોલીસે ધરપકડ કરી

ગાડીનો કબજો ગુમાવવાના મનદુઃખ અને નાણાકીય વિવાદને કારણે આ હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મુખ્ય આરોપી વિનોદ વરસીંગભાઈ ડોડીયાર અને તેના પિતરાઈ ભાઈ રાજુ ગોરધનભાઈ ડોડીયાર, બંને મધ્યપ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. બંનેએ એકબીજાની મદદગારીથી મોડી રાત્રે વાડીમાં પાર્ક કરેલી તુફાન ગાડીમાં બહારથી આગ ચાંપી દીધી હતી. પરિણામે ગાડીની અંદર સૂતેલા રવિ અને નીતિન આગની લપેટમાં આવી ગયા હતા અને બંનેનાં કરુણ મોત નીપજ્યાં હતાં.

પોલીસે બેવડી હત્યાનો ગૂનો નોંધ્યો

આ મામલે લીલીયા પોલીસ સ્ટેશનમાં બેવડી હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે બંને આરોપીઓને રાઉન્ડઅપ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. હાલ પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી જરૂરી પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. એફ.એસ.એલ.નો રિપોર્ટ અને બંને મૃતકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ તપાસને વધુ વેગ આપવામાં આવશે.ડી.વાય.એસ.પી.ના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસમાં ગાડીના કબજા અને નાણાકીય વ્યવહારનો વિવાદ હત્યાનું મુખ્ય કારણ હોવાનું જણાયું છે. જોકે, એફ.એસ.એલ. અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં કોઈ નવી હકીકત સામે આવશે તો તે દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. ગુંદરણ ગામની સીમમાં બનેલી આ નિર્મમ ઘટનાને પગલે સમગ્ર લીલીયા પંથકમાં ભારે ચકચાર મચી છે.

મુખ્ય આરોપી સહિત બે શખ્સોને પોલીસે રાઉન્ડઅપ કર્યા

અમદાવાદના મેગ્નેટ પાર્કમાં ભીષણ આગ, જીવ બચાવવા કૂદેલા યુવકનું મોત

અમદાવાદ, તા.૦૩



અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા મેગ્નેટ પાર્ક કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં રાત્રે આગ લાગતાં અફરાતફરી મચી હતી. બીજા માળે આવેલી આઇટી કંપનીમાં આગ લાગતાં ૩૦ થી ૪૦ કર્મચારીઓ ફસાયા હતા. ધુમાડાથી બચવા બે કર્મચારીઓએ નીચે કૂદકો મારતાં ગંભીર ઈજા થઈ હતી. જેમાં રાજકોટના રહેવાસી રચિત પટેલનું સારવાર દરમિયાન મોત થયું હતું. અન્ય એકની હાલત ગંભીર છે. ગૂંગળામણ અને સામાન્ય ઈજાઓ થતાં પાંચ લોકોને હોસ્પિટલ ખસેડાયા હતા. ફાયર વિભાગે સીડી અને સ્નોર્કલની મદદથી કર્મચારીઓનું રેસ્ક્યૂ કરી આગ પર કાબૂ મેળવ્યો હતો.

મહેસાણાના ગમાનપુરામાં મહિલા સરપંચ અને તલાટી રૂ. એક લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

મહેસાણા, તા.૦૩

મહેસાણા જિલ્લાના ગમાનપુરા ગ્રામ પંચાયતમાં એસીબીએ સફળ છટકું ગોઠવી મહિલા સરપંચ અને મહિલા તલાટીને રૂ. એક લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધાં છે. સરપંચ મણીબેન મહેન્દ્રજી ઠાકોર અને તલાટી કમ મંત્રી દીપ્તીબેન વસંતભાઈ પટેલે બાંધકામની મંજૂરી આપવા બદલ જાગૃત નાગરિક પાસે લાંચ માંગી હતી. જેમાં સરપંચે પોતાના હિસ્સાના રૂ. ૮૦ હજાર અને તલાટીએ રૂ. ૨૦ હજારની માગણી કરી હતી. ફરિયાદીએ અમદાવાદ એસીબીનો સંપર્ક કરતાં ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગ્રામ પંચાયત કચેરીમાં છટકું ગોઠવાયું હતું. બંનેએ લાંચની રકમ સ્વીકારતાં જ એસીબીની ટીમે તેમને ઝડપી લીધાં હતાં. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. શેઠ અને તેમની ટીમે આ કાર્યવાહી કરી હતી. બંને સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બ્રાહ્મણ સમાજ વિરુધ્ધ અભદ્ર ટિપ્પણી કેસમાં અનુરાગ કશ્યપ સામે સુરતની કોર્ટે વોરંટ ઈસ્યૂ કર્યું

સુરત, તા.૦૩



બ્રાહ્મણ સમાજ વિરુધ્ધ સોશિયલ મીડિયા પર કથિત અભદ્ર ટિપ્પણી કરવાના કેસમાં ફિલ્મ નિર્દેશક અનુરાગ કશ્યપની મુશ્કેલીઓ વધી છે. સુરતની ટ્રાયલ કોર્ટે તેમની વિરુધ્ધ વોરંટ ઈશ્યૂ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટ દ્વારા સમન્સ અને જાહેર નોટિસ પાઠવવા છતાં તેઓ હાજર ન થતાં આ કાર્યવાહી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ગત વર્ષે અનુરાગ કશ્યપે સોશિયલ મીડિયા પર બ્રાહ્મણ સમાજ અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હોવાનો આક્ષેપ થયો હતો. આ મામલે સમાજ દ્વારા માફીની માંગ કરવામાં આવી હતી. માફી ન મળતાં તેમની વિરુધ્ધ સુરત કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ, ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મુંબઈના અખબારમાં જાહેર નોટિસ દ્વારા સમન્સની બજવણી કરવામાં આવી હોવા છતાં તેઓ કોર્ટમાં હાજર થયા નહોતા. આથી કોર્ટે તેમની વિરુધ્ધ વોરંટ ઈશ્યૂ કરવાનો હુકમ કર્યો છે. આ અંગે ફરિયાદી પક્ષના વકીલ કમલેશ રાવલે માહિતી આપી હતી. હવે આ કેસની આગામી સુનાવણી ૨૪ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ યોજાશે.

અમદાવાદમાં નબીરાએ ફૂટપાથ પર સૂતેલા ચાર લોકોને કચડ્યા, માતા-પુત્રનાં મોત

અમદાવાદ, તા.૦૩



અમદાવાદના નિકોલ વિસ્તારમાં પૂરપાટ ઝડપે દોડી રહેલી ફોર્ચ્યુનર કાર ફૂટપાથ પર ચડી જતાં શ્રમિક પરિવારના ચાર લોકો અડફેટે આવ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં માતા અને તેના ૧૫ વર્ષીય પુત્રનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે લોકો ઘાયલ થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નિકોલમાં અક્ષર હોસ્પિટલ અને દેવસ્ય સ્કૂલ નજીક ફૂટપાથ પર કેટલાક શ્રમિક પરિવારો ચણિયાચોળી વેચીને ગુજરાન ચલાવે છે. રાત્રે આશરે ૯:૩૦ થી ૯:૪૫ વાગ્યાના અરસામાં નાના ચિલોડામાં રહેતો ૩૬ વર્ષીય વિરલ સવજીભાઈ ચૌધરી પોતાની ફોર્ચ્યુનર કાર લઈને પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન કાર કાબૂ બહાર જતાં સીધી ફૂટપાથ પર ચડી ગઈ હતી અને ત્યાં આરામ કરી રહેલા લોકોને અડફેટે લીધા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે એક યુવક કારના બોનેટ અને દીવાલ વચ્ચે ફસાઈ ગયો હતો.

અકસ્માતમાં પૂનમબેન જીતેન્દ્રભાઈ નગવાડિયા અને તેમના ૧૫ વર્ષીય પુત્ર સાગરનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે કાર્તિકભાઈ અને એક અજાણી મહિલાને ઈજા પહોંચી હતી.

ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ, અકસ્માત સર્જનાર કારમાંથી બિયરના બે ટીન મળી આવ્યાં હતાં. ઘટનાસ્થળે એકત્રિત થયેલા લોકોએ કારચાલકને માર માર્યો હોવાની પણ માહિતી મળી છે. ત્યારબાદ તેને તબીબી તપાસ માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. આ મામલે ટ્રાફિક પોલીસે કારચાલક વિરલ સવજીભાઈ ચૌધરી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. હાલ પોલીસ દ્વારા અકસ્માતના સંજોગો, કારચાલકની સ્થિતિ અને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે

રાજ્યની ડીજીપી કચેરીને બોમ્બથી ઉડાવવાની ધમકીભર્યો ઈમેઈલ મળતાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ

ગાંધીનગર, તા. ૦૩

ગુજરાતની DGP કચેરીને આજે ૩ નવેમ્બરના રોજ ધમકીભર્યો ઈમેઈલ મળતાં રાજ્યની સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. ઈમેઈલમાં '૨૦૦૮ને ભૂલશો નહીં, બિગ સરપ્રાઈઝ ફોર ઈન્ડિયન ગવર્નમેન્ટ' એવો ઉલ્લેખ કરી ગાંધીનગરની DGP કચેરી, કલેક્ટર કચેરી અને એક મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ખાલિસ્તાનના નામે અજાણ્યા શખ્સે મોકલેલા ઈમેઈલમાં પાકિસ્તાન જિંદાબાદ, ખાલિસ્તાન જિંદાબાદ અને અલ્લાહુ અકબર જેવા શબ્દોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ધમકી મળતાં જ અમદાવાદની સાબરમતી જેલ સહિત રાજ્યની તમામ જેલોમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. વડોદરા અને રાજકોટની જેલોમાં પણ પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. સાબરમતી જેલમાં ડોગ સ્ક્વોડની મદદથી તપાસ કરવામાં આવી હતી. જોકે, પ્રાથમિક તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે.



